## 卐 મંગલ દ્વાર ખુલ્યા રે 卐



શીઘ્ર શીઘ્ર અવિકલ્પતા, ધ્રુવ ધામે ધરી નેહ,
સવિકલ્પે સંભારતા, આ ભરત છે કે વિદેહ રે.

કહાન સંવત-૭ □ (૫૨૧) ❊ આત્મધર્મ ❊ (અંક-૯ વર્ષ-૪૩) □ વીર સં. ૨૫૧૩ માર્ચ, ૧૯૮૭

## 卐 પૂજનીય સમ્યગ્દર્શનનો મહિમા 卐

* શ્રી આચાર્યદેવ કહે છે કે હે જીવો! તમે આ સમ્યગ્દર્શનરૂપી અમૃતને પીવો. આ સમ્યગ્દર્શન અનુપમ સુખનો ભંડાર છે. સર્વ કલ્યાણનું બીજ છે. આ સંસાર–સમુદ્રથી તરવા માટે તે જહાજ છે. માત્ર ભવ્ય જીવો જ તેને પામી શકે છે. પાપરૂપી વૃક્ષને કાપવા માટે તે કુહાડી સમાન છે. પવિત્ર તીર્થોમાં તે જ પ્રધાન તીર્થ છે અને મિથ્યાત્વનો તે હણનાર છે.

( શ્રી શુભચંદ્ર આચાર્ય, જ્ઞાનાર્ણવ, સર્ગ–૬ ગાથા–૫૯ )

* એક તરફ સમ્યગ્દર્શનનો લાભ થતો હોય અને બીજી તરફ ત્રણલોકનું રાજ્ય મળતું હોય તોપણ ત્રણલોકના રાજ્ય કરતાં સમ્યગ્દર્શનનો લાભ શ્રેષ્ઠ છે. ત્રણલોકનું રાજ્ય પામીને પણ અમુક નિશ્ચિતકાળ પછી ત્યાંથી પતન થશે જ અને સમ્યગ્દર્શનનો લાભ થતાં અવિનાશી મોક્ષસુખ પ્રાપ્ત થાય છે. તેથી ત્રણલોકનાં રાજ્ય કરતાં સમ્યક્ત્વનો લાભ શ્રેષ્ઠ છે.

( શ્રી શિવકોટી આચાર્ય, ભગવતી આરાધના, ગાથા ૭૪૬–૪૭ )

* જેમ સૂર્ય ઘોર અંધકારનો નાશ કરે છે, પવન વાદળોને નષ્ટ કરે છે, અગ્નિ મહા વનનો નાશ કરે છે, વજ્ર પર્વતનો નાશ કરે છે તેમ સમ્યગ્દર્શન કર્મોનો નાશ કરે છે.

( શ્રી કુંદકુંદ આચાર્ય, રયણસાર, ગાથા-૫૨ )

* સર્વ રત્નોમાં મહારત્ન સમ્યક્ત્વ છે. વસ્તુની સિદ્ધિ કરવાના ઉપાયરૂપ સર્વ યોગ, મંત્ર, ધ્યાન આદિમાં સમ્યક્ત્વ ઉત્તમ યોગ છે. કારણ કે સમ્યક્ત્વથી મોક્ષ સધાય છે. અણિમા આદિ ઋદ્ધિઓમાં પણ સમ્યક્ત્વ મહાન ઋદ્ધિ છે. ઘણું શું કહીએ? સર્વ સિદ્ધિ કરવાવાળું આ સમ્યક્ત્વ જ છે. (શ્રી સ્વામીકાર્તિક, બાર અનુપ્રેક્ષા, ગાથા–૩૨૫)

* જે પ્રાણી જિનેન્દ્ર ભગવાન દ્વારા કહેલાં તત્ત્વોમાં એક ક્ષણમાત્ર પણ શ્રદ્ધા કરે છે તે અનંતકાળ સુધી સંસારમાં પરિભ્રમણ કરવાની પરિપાટીને તોડી નાખે છે.

( શ્રી અમિતગતિ આચાર્ય, ...

કહાન
સંવત-૭
વર્ષ-૪૩
અંક-૯
[ ૫૨૧ ]




વીર
સંવત
૨૫૧૩
A. D. 1987
MARCH

શાશ્વત સુખનો માર્ગ દર્શાવતું માસિક પત્ર

# 卐 નિજસ્વરૂપની સેવાથી સિદ્ધિની પ્રાપ્તિ 卐

(શ્રી પરમાત્મપ્રકાશ ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન)

(સળંગ પ્રવચન નં. ૩)

શ્રી પરમાત્મપ્રકાશની આ પ્રથમ ગાથા ચાલે છે.

મુનિરાજ મંગલાચરણમાં સિદ્ધભગવાનને નમસ્કાર કરે છે. તે સિદ્ધ કેમ થયા છે? કે—પૂર્ણ જ્ઞાન-આનંદસ્વરૂપ નિજ શુદ્ધાત્માના ધ્યાનરૂપી અગ્નિ વડે કર્મકલંકને ભસ્મ કરીને ભગવાન સિદ્ધ થયાં છે.

સિદ્ધ ભગવાન કેવા છે?—સિદ્ધ ભગવાન નિત્ય, નિરંજન અને જ્ઞાનમય છે. તેમાં નિત્ય કહેતાં બૌદ્ધમતનું ખંડન થાય છે. નિરંજન કહેતાં સિદ્ધ થયાં પછી પાછા ભગવાન અવતાર ધારણ કરે એવું માનનારાં નૈયાયિકોના મતનું ખંડન થાય છે.

ભગવાનને 'જ્ઞાનમય' સાબિત કરતાં સાંખ્યમતનું ખંડન થાય છે. સાંખ્યમતનો એવો અભિપ્રાય છે કે જેમ સૂતેલાં માણસને કાંઈ જ્ઞાન હોતું નથી તેમ પરમાત્મા થાય એટલે તે સૂઈ ગયાં. તેથી ભગવાનને કાંઈ જ્ઞાન હોતું નથી. ભગવાનને ત્રણકાળ-ત્રણલોકનું જ્ઞાન હોય તો તો તેને કેટલી ઉપાધિ હોય? એમ તેઓ માને છે. તેને કહ્યું છે કે જ્ઞાન એ તો આત્માનો સ્વભાવ છે, તેમાં ઉપાધિ ન હોય. ભગવાને આત્માનો જેવો સ્વભાવ છે તેવો પર્યાયમાં પ્રગટ કર્યો છે તેથી એક સમયમાં ત્રણકાળ-ત્રણલોકનું જ્ઞાન થાય છે.

આમ, સાંખ્યમતનું ખંડન કરીને ભગવાનની જ્ઞાયકતા સાબિત કરવા મુનિરાજે સિદ્ધ ભગવાનને 'જ્ઞાનમય' એવું વિશેષણ આપ્યું છે. આવા નિત્ય, નિરંજન, જ્ઞાનમય

ભગવાનને ઓળખીને વાણી દ્વારા શાસ્ત્રમાં નમસ્કાર કર્યા છે તેને 'દ્રવ્યનમસ્કાર' કહે છે અને અંદર વિકલ્પમાં ભગવાનના અનંત ગુણોનું સ્મરણ કરવું તેને 'ભાવનમસ્કાર' કહેવાય છે.

આ દ્રવ્ય અને ભાવનમસ્કાર વ્યવહારથી સાધકદશામાં હોય છે. શુદ્ધનિશ્ચયનયમાં આવો વંદ્ય-વંદકભાવ એટલે કે ભગવાન વંદન કરવાયોગ્ય અને હું વંદન કરવાવાળો એવા ભાવ હોતા નથી. સ્વરૂપમાં એકાકારદશામાં આવાં કોઈ વિકલ્પ હોતાં નથી.

આ રીતે, શબ્દાર્થનો નયવિભાગ દ્વારા નયાર્થ પણ કહ્યો છે અને બૌદ્ધ, નૈયાયિક અને સાંખ્યમતના ખંડન દ્વારા મતાર્થ પણ બતાવ્યો છે અને આ રીતે ભગવાન સંસાર પર્યાય છોડીને સિદ્ધદશાને પ્રાપ્ત થયા છે એમ કહીને આગમાર્થ બતાવ્યો છે. હવે ભાવાર્થ કહે છે કે નિરંજન-મલ રહિત જ્ઞાનમય સિદ્ધભગવાન જ આદરણીય છે, એ જ ઉપાદેય છે.

આમ, એક ગાથામાં શબ્દાર્થ, નયાર્થ, મતાર્થ આગમાર્થ અને ભાવાર્થ-પાંચ બોલ કહ્યાં છે, તેમ બધી ગાથામાં પાંચ બોલથી સમજવાનું છે-માત્ર વાંચી જવાનું નથી. પ્રથમ તો શબ્દનો સીધો અર્થ કરવો તે શબ્દાર્થ છે પછી તે કથન સ્વાશ્રિતનયનું છે કે પરાશ્રિતનું છે અથવા ભેદનયનું છે કે અભેદનયનું છે એ નક્કી કરવું તે નયાર્થ છે તેમાં કયાં મતોનું ખંડન થાય છે તે જાણવું તે મતાર્થ છે. તેમાં આગમના કયાં સિદ્ધાંતની સિદ્ધિ થાય છે એ નક્કી કરવું તે આગમાર્થ છે અને તેમાં તાત્પર્ય શું છે-સાર શું છે એ શોધી કાઢવું તે ભાવાર્થ અથવા તાત્પર્યાર્થ છે.

અજ્ઞાનીઓ તો પોતાની કલ્પનાથી વસ્તુનું સ્વરૂપ અનેક રીતે બતાવે છે. આત્માના નામે વાતો ચલાવે છે, પણ તે યથાર્થ નથી. અહીં તો સર્વજ્ઞભગવાને પોતાના જ્ઞાનમાં સાત તત્ત્વનું, છ દ્રવ્યનું, સિદ્ધ અને સંસારીનું જેવું સ્વરૂપ જાણ્યું છે તેવું જેનાં શ્રદ્ધા-જ્ઞાનમાં આવે છે તેણે સાચાં તત્ત્વની પ્રતીત કરી કહેવાય.

કઈ અપેક્ષાએ કથન કર્યું છે એ ન સમજાય તો તેનો ભાવ પણ ન સમજાય. શાસ્ત્રમાં એવું કથન આવે છે કે 'તીર્થંકર ભગવાનથી અનંતા જીવો તરી જાય છે.' તો આ કથનની અપેક્ષા ન સમજે તો ભગવાન જીવોને તારે છે એમ માની બેસે! માટે અપેક્ષા સમજવી જોઈએ કે આ વ્યવહારનયનું કથન છે. જીવ પોતાના પુરુષાર્થથી તરે ત્યારે ભગવાનનું નિમિત્ત હોય છે તેથી વ્યવહારનય કહે છે કે ભગવાને તાર્યા.

અપેક્ષા ન સમજવાને લીધે જ બધાં ગોટા ઊઠે છે, અન્યમતમાં અને જૈનમાં શું ફેર છે તે સમજી શકતાં નથી. જૈન તે કોઈ સંપ્રદાય નથી. આત્મા અખંડાનંદ જ્ઞાનસ્વરૂપ પ્રભુ છે તેની પર્યાયમાં વિકાર છે તેને સ્વભાવના લક્ષે જીતે-નાશ કરે તેને જૈન કહેવાય છે. આ વસ્તુનું પરમ સત્ય સ્વરૂપ છે. સર્વજ્ઞભગવાને વસ્તુનું સ્વરૂપ જેવું છે તેવું જાણ્યું છે તેવું કહ્યું છે.

આ બધું જેમ છે તેમ સમજવું પડશે, માત્ર પુસ્તકો છપાવીને કે વેચાતા લઈને ઘરમાં મૂકી દેવાની હોંશ હશે એટલાંથી નહિ ચાલે. શાસ્ત્રો વાંચી, વિચારીને બધાં અર્થો સમજે તો પોતાનું હિત થાય. માત્ર બહારની ક્રિયાની હોંશ હોય તે કામ ન આવે. સઝાયમાં આવે છે 'હોંશીડા હોંશ મત કીજે' તેનો અર્થ એવો છે કે ભાઈ! બહારના કાર્યમાં હું આ કરી દઈશ, આમ કરીશ એવી હોંશ કરે છો પણ, બહારમાં કાંઈ તારાં વિકલ્પ અનુસાર થવાનું નથી. જે થવાનું હશે તે થશે માટે ત્યાં હોંશ ન કર! ધીરો થા ભાઈ! અંતરનું કામ કરવાની હોંશ કર!

દિગંબર ધર્મ અન્યધર્મથી કઈ રીતે જુદો છે એ પણ સમજવું જોઈએ. શ્વેતાંબરો ભગવાનને પહેલાં સમયે દર્શન અને બીજા સમયે જ્ઞાન માને છે. એમ ન હોય. એક જ સમયમાં દર્શન-જ્ઞાન ભગવાનને સાથે જ હોય. શ્વેતાંબરો કેવળજ્ઞાનની સત્તા માને છે અને દિગંબરો કેવળજ્ઞાનની શક્તિ માને છે તેમાં મોટો ફેર છે. કેવળજ્ઞાનની સત્તા છે એટલે અંદરમાં તો કેવળજ્ઞાન છે પણ ઉપર કર્મનું આવરણ આવી ગયું છે એમ શ્વેતાંબરો માને છે પણ એમ નથી. કેવળજ્ઞાનની આત્મામાં શક્તિ છે. એટલે જેમ લીંડીપીપરમાં ૬૪ પોરી તીખાશ ભરી છે પણ તે પ્રગટ નથી તેને ઘૂંટે તો પ્રગટ થાય. તેમ આત્મામાં કેવળજ્ઞાન પ્રગટ નથી, શક્તિરૂપે છે તેને પુરુષાર્થથી—આત્મામાં એકાગ્રતાનું ધ્યાન કરે તો શક્તિની વ્યક્તતા થાય—પ્રગટતા થાય. આ વસ્તુનું સ્વરૂપ છે.

જેમ દિવાસળીમાં અગ્નિની શક્તિ છે, સત્તા નથી. તેનો ભૂકો કરવાથી અગ્નિ થતી નથી પણ ઘસવાથી થાય છે. તેમ ભગવાન આત્મામાં કેવળજ્ઞાનનો ભાવ શક્તિરૂપે પડ્યો છે તે શક્તિમાં એકાગ્રતાનો ઘસારો થતાં પર્યાયમાં પૂર્ણ કેવળજ્ઞાન પ્રગટ થાય છે, આ વસ્તુસ્થિતિ છે. કર્મને નાશ કરવા પડતાં નથી પણ સ્વભાવમાં એકાગ્રતા થતાં કર્મ એની મેળે નાશ પામે છે.

ભગવાન આત્મામાં જ્ઞાનની માફક આનંદ, વીર્ય, ચારિત્ર આદિ અનંત ગુણોની શક્તિ પડી છે સત્તા નથી. જેમ ડબ્બામાં હાથ નાંખો ત્યાં ગોળ તૈયાર પડ્યો હોય તેમ આત્મામાં આનંદ તૈયાર પડ્યો નથી. પણ જેમ શેરડીમાં ગોળની શક્તિ પડી છે તેમ આત્મામાં આનંદ, જ્ઞાનાદિની શક્તિ પડી છે તે શેરડીનો કૂચો કાઢી, રસને જુદો તારવી, તપાવે ત્યારે ગોળ તૈયાર થાય તેમ વિકારનો કૂચો કાઢી આત્મામાં એકાગ્રતાનો પ્રયોગ કરે ત્યારે બધાં ગુણો પ્રગટ થાય છે.

દ્રવ્યસંગ્રહ, પંચાસ્તિકાય આદિ બધાં શાસ્ત્રોમાં આ શબ્દાર્થ, નયાર્થ આદિ પાંચ બોલની વાત આવે છે પણ અહીં તો પહેલી ગાથામાં જ આ વાત મૂકી છે કે હે શિષ્ય! તારે આ પરમાત્મપ્રકાશ વાંચવો હોય અને સમજવો હોય તો તેને આ પાંચ પ્રકારે અર્થ કરીને સમજવો પડશે. શબ્દ પાછળ આશય શું છે તે સમજ્યા વગર હિત નથી.

હવે બીજી ગાથામાં મુનિરાજ આગામી સિદ્ધોને નમસ્કાર કરતાં કહે છે કે સંસાર-સમુદ્રથી તરવાનો ઉપાય જે વીતરાગ નિર્વિકલ્પ સમાધિરૂપ જહાજ છે તેના ઉપર ચડીને આગામી ( ભવિષ્ય ) કાળમાં જે કલ્યાણમય અનુપમ જ્ઞાનમય થશે તેમને હું નમસ્કાર કરું છું.

સંસારને સમુદ્રની ઉપમા અને વીતરાગ નિર્વિકલ્પ સમાધિને સંસારથી તરવાના જહાજની ઉપમા આપી છે. અહા ! જેની શ્રદ્ધામાં ત્રણકાળ તરવરે છે તે અનંત સિદ્ધો ભૂતકાળમાં થઈ ગયા અને અનંત સિદ્ધો ભવિષ્યમાં થશે અને વર્તમાનમાં થાય છે તેને નમસ્કાર કરે છે. ભવિષ્યમાં તીર્થંકર થનારા કેટલાય તો નિગોદમાં છે, શ્રેણિકરાજા નરકમાં છે તે બધાંને પ્રતીતપૂર્વક નમસ્કાર કર્યા છે. તેમાં અનંત જીવોને સ્વીકાર થયો, વીતરાગતાના ઉપાયથી સિદ્ધ થયા તેનો સ્વીકાર થયો, ઉપાયનું જ્ઞાન થયું તેમાં બધું આવી ગયું. અહા ! આગામી સિદ્ધોને નમસ્કારમાં નિગોદમાં પડેલાં અનંતકાળે મનુષ્ય થઈને મોક્ષે જનારાં જીવોને નમસ્કાર આવી ગયાં. ભૂતકાળના સિદ્ધોને નમસ્કાર કર્યા પણ, ભવિષ્યકાળ તો ભૂતકાળ કરતાં અનંતગણો છે, તેમાં સિદ્ધ થનારાં જીવોને પણ શ્રદ્ધામાં લે છે અને નમસ્કાર કરે છે તેમાં એક જ આત્મા છે અને એકની મુક્તિ થતાં બધાંની મુક્તિ થઈ જાય છે એવી માન્યતાનો નિષેધ આવી જાય છે.

અજ્ઞાની રાગી જીવને બારોટ એમ કહે કે તમારાં કુટુંબમાં એક મોટાં કરોડપતિ અને દાનેશ્વરી થઈ ગયાં. ત્યાં તો રાગી જીવ ખુશી ખુશી થઈ જાય છે. તો અહીં તો પોતાના સાચાં કુટુંબની વાત છે કે અનંતા સિદ્ધ થઈ ગયા અને અનંતા સિદ્ધ થશે. એક પુદ્ગલ પરાવર્તન કાળના અનંતમાં ભાગમાં અનંતી ચોવીશી થાય છે તો અનંતા પુદ્ગલ પરાવર્તન-કાળમાં કેટલી ચોવીશી થાય ! તે બધાંને યાદ કરીને મુનિરાજ નમસ્કાર કરે છે. તેમાં પોતે પણ આવી જાય છે. હું મારી પૂર્ણ પર્યાયને અત્યારે નમસ્કાર કરું છું.

મુનિરાજ કહે છે કે અનંતા સિદ્ધો થઈ ગયા, અનંતા સિદ્ધો થશે, અમે પણ સિદ્ધ થશું અને અમારી સાથે અનેક જીવો સિદ્ધ થશે તેની અમને ખાતરી છે તેથી બધાને યાદ કરીને અમે નમસ્કાર કરીએ છીએ.

પરમાત્મા સર્વજ્ઞ વીતરાગદેવે જે જડ-ચૈતન્યના દ્રવ્ય-ગુણ-પર્યાય જોયા છે અને કહ્યાં છે તેવી વાત ત્રણકાળ ત્રણલોકમાં બીજે કયાંય નથી. એવો નિર્ણય ન થાય ત્યાં સુધી આત્માની દૃષ્ટિ થતી નથી.

ભવિષ્યમાં સિદ્ધ ભગવાન થશે તે કેવા થશે ?–અનુપમ, પરમ કલ્યાણમય અને જ્ઞાનમય થશે. ભગવાનને કોઈની ઉપમા લાગુ પડે નહિ એવા અનુપમ અને ત્રણકાળ ત્રણલોકને જાણવાવાળા જ્ઞાનમય થશે અને પરમ કલ્યાણમય થશે.

તે સિદ્ધ ભગવાન કેવી રીતે થશે ?—કે અનંત અનંત ગુણના પિંડ એવા ભગવાન

આત્માને સેવતાં સેવતાં સિદ્ધ થશે. રાગાદિ વિકલ્પ રહિત જે પરમ સમાધિ તેને સેવતાં થકા ભગવાન સિદ્ધ થશે. આનું જ નામ નિશ્ચય મોક્ષમાર્ગ છે. રાગની કે નિમિત્તની સેવાથી સિદ્ધ થઈ શકાતું નથી. એકમાત્ર નિજસ્વરૂપની સેવાથી જ સિદ્ધ થઈ શકાય છે. ત્રણકાળમાં સિદ્ધ થવાનો આ એક જ ઉપાય છે.

વળી વિશેષ કહે છે કે તે સિદ્ધભગવાન કેવા થશે? કે કેવળજ્ઞાન, કેવળદર્શન, કેવળસુખ અને કેવળવીર્ય આદિ મોક્ષલક્ષ્મીથી સહિત થશે અને આઠ કર્મના અભાવપૂર્વક સમ્યક્ત્વાદિ આઠ ગુણથી પણ સહિત થશે. જુઓ! મુનિરાજ ત્રણકાળના સિદ્ધોને જ્ઞાનની સોડમાં લઈને વાત કરે છે.

તે સિદ્ધ કેવી રીતે થશે?—કે વીતરાગ સર્વજ્ઞદેવ પ્રરૂપિત માર્ગ દ્વારા દુર્લભ જ્ઞાન મેળવીને શ્રેણિક આદિ અનંતા જીવ સિદ્ધ થશે.

ભગવાન આત્મા શક્તિએ સદા શિવસ્વરૂપ છે. એવા નિજ શુદ્ધાત્માની ભાવના કરીને એટલે તેમાં એકાગ્રતા કરીને ભગવાન વીતરાગ પરમાનંદ સુખસ્વરૂપ થશે. દુઃખનો સર્વથા અભાવ કરીને ને પૂર્ણ આનંદરૂપે પરિણમશે એવા અનંતા સિદ્ધોને યાદ કરીને હું વર્તમાનમાં વંદન કરું છું. (ક્રમશઃ)

—*—

## * ઉત્સાહથી સાંભળ! *

* સમ્યગ્દર્શન માટેની આ અપૂર્વ વાત છે. જેમ વેપાર-ધંધામાં કે રસોઈ વગેરેમાં ધ્યાન રાખે છે તેમ અહીં આત્માની રુચિ કરીને બરાબર ધ્યાન રાખવું જોઈએ. અંતરમાં મેળવણી કરીને સમજવું જોઈએ. માંગળિક તરીકે આ અપૂર્વ વાત છે. 'આ કાંઈક અપૂર્વ છે, સમજવા જેવું છે'—એમ ઉત્સાહ લાવીને ૬૦ મિનિટ બરાબર ધ્યાન રાખીને સાંભળે તોય બીજા કરતાં જુદી જાતના પુણ્ય થઈ જાય, અને આત્માના લક્ષે અંતરમાં સમજીને આ ભાવરૂપે પરિણમી જાય તેને તો અનંતકાળમાં અપ્રાપ્ત એવો સમ્યક્ દર્શનનો અપૂર્વ લાભ થાય. આ વાત સાંભળવી પણ મોંઘી છે અને સમજવી તે તો અભૂતપૂર્વ છે.

—પૂજ્ય ગુરુદેવશ્રી

—*—

# * નિમિત્તનું નિરાકરણ *

શ્રી [ ઇષ્ટોપદેશ શાસ્ત્ર ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન ]

( સળંગ પ્રવચન નં-૩૯ )

શ્રી ઇષ્ટોપદેશની ૩૫ મી ગાથા ચાલે છે.

મૂર્ખ ન જ્ઞાની થઈ શકે, જ્ઞાની મૂર્ખ ન થાય,
નિમિત્તમાત્ર સૌ અન્ય તો, ધર્મદ્રવ્યવત્ થાય. ૩૫.

કોઈપણ પદાર્થના કાર્યમાં—પર્યાયના પલટવાના કાળે પોતાની યોગ્યતા ન હોય તો બીજો કોઈ પદાર્થ તે કાર્ય કરી શકતું નથી. જીવના વિકારી કે અવિકારી કોઈપણ ભાવના કાર્યકાળે જીવની પોતાની સ્વાભાવિક યોગ્યતા ન હોય તો નિમિત્ત કાંઈ કાર્ય કરી શકતું નથી.

આ વાતને સિદ્ધ કરવા અભવ્ય જીવનું દ્રષ્ટાન્ત આપ્યું છે કે અભવ્ય જીવને ગમે તેટલું સમજાવો પણ તે સમજવાને લાયક જ નથી તો નિમિત્ત તેને શું કરે! અને ધર્મી જીવને કોઈ લાખો પ્રયત્ન વડે ધર્મથી ડગાવવા માગે તો ડગતા નથી માટે કહ્યું છે કે ખરેખર નિમિત્ત કાંઈ કરતું જ નથી પણ ઉપાદાનથી કાર્ય થાય ત્યારે જે હાજર હોય તેને નિમિત્ત કહેવાય છે.

અહીં શિષ્યને શંકા થાય છે કે તમે આમ કહો છો તો પછી બાહ્ય નિમિત્તનું તો આમાં નિરાકરણ થઈ જાય છે એટલે કે નિમિત્તનો કાંઈ પ્રભાવ રહેતો નથી. તેનું તો ખંડન થઈ જાય છે. તો પછી ગુરુથી જ્ઞાન થાય, શત્રુથી નુકશાન થાય એ વાત તો રહી જ નહિ. આમ શિષ્યને શંકા થતાં ગુરુ એમ કહે છે કે હા, એમ જ છે. ગુરુથી જ્ઞાન થતું હોય તો તો અભવ્યને પણ સમ્યક્ જ્ઞાન થવું જોઈએ અને નિમિત્તથી નુકશાન થતું હોય તો જ્ઞાનીને પણ અજ્ઞાની કરી શકાય. પણ એમ બનતું નથી.

ગુરુથી જ્ઞાન થતું નથી છતાં ગુરુની મહત્તા એટલી છે કે જ્યારે શિષ્યને પોતાના ઉપાદાનથી જ્ઞાન થાય છે ત્યારે તેને ગુરુનું બહુમાન આવ્યા વગર રહેતું નથી. નિશ્ચય હોય ત્યાં વ્યવહાર આવ્યા વગર રહેતો નથી એવી જ વસ્તુસ્થિતિ છે, પણ વ્યવહાર હોય તો નિશ્ચય થાય એ સિદ્ધાન્ત વિરુદ્ધ આખી વાત છે.

જીવ કે અજીવ કોઈપણ પદાર્થના કાર્યનું ખરું કારણ એક જ છે. નિશ્ચય જ ખરું કારણ છે. વ્યવહાર તો આરોપિત કારણ છે.

નિમિત્ત પણ એક પદાર્થ છે પણ ઉપાદાનનું કાર્ય તેનાથી થતું નથી. કોઈપણ પદાર્થની કોઈ પણ પર્યાય પોતાના કાળે પોતાથી થાય છે તેમાં સંયોગો કાંઈ ફેરફાર કરતાં

નથી. આચાર્યોએ સમય સમયની યોગ્યતાનું કેટલું વર્ણન કર્યું છે!

ગુરુએ જે કહ્યું તે બરાબર સમજીને શિષ્ય પ્રશ્ન કરે છે કે નિમિત્ત કાંઈ કરતું નથી તો પછી નિમિત્તનું તો ખંડન થઈ જાય છે. આ વિષયમાં ગુરુ જવાબ આપે છે કે કોઈપણ વસ્તુના પ્રકૃત કાર્યમાં એટલે થવા યોગ્ય કાર્યનાં ઉત્પાદાનમાં તથા વિધ્વંસનમાં બાહ્ય વસ્તુ નિમિત્તમાત્ર છે.

જીવ વિકાર કરે છે તે પોતાની લાયકાતથી જ કરે છે તેમાં કર્મ તો નિમિત્તમાત્ર છે. તેમ શરીરમાં ઓપરેશન આદિ ક્રિયા થાય છે તેની પર્યાય પોતાના કાળે પોતાથી થાય છે તેમાં છરી આદિ સાધન તો નિમિત્તમાત્ર છે, તેનાથી ઓપરેશનનું કાંઈ કાર્ય થતું નથી.

વસ્તુની સ્થિતિ જ એવી છે કે તેમાં બીજો કોઈ ફેરફાર કરી શકે જ નહિ. વસ્તુ દરેક સમયે પલટયા જ કરે છે તેને બીજું કોઈ પરિણમાવી શકતું નથી. આત્મા અને પરમાણુ આદિ બધાં પદાર્થો સ્વતંત્ર દ્રવ્ય છે–વસ્તુ છે, દરેક સમયે પલટવાનો તેનો સ્વભાવ છે તેથી પલટે જ છે તેને બીજો કેમ પલટાવે?

આગળ દ્રષ્ટાંત આવી ગયું કે પોપટને પઢાવવાથી તે પઢશે પણ બગલાંને પઢાવવાથી તે પઢતો નથી કેમ કે પોપટમાં એ જાતની યોગ્યતા છે જે બગલામાં નથી. જગતના સ્વતંત્ર દ્રવ્યો છે તેને બીજો કોણ પરિણમાવે?

વસ્તુ કાયમ ધ્રુવ રહીને તેમાં ઉત્પાદ–વ્યય થવો તે તેનો સ્વભાવ છે તેથી ઉત્પાદ પણ પોતાથી થાય છે અને વ્યય પણ પોતાથી થાય છે. માટે અહીં કહ્યું છે કે વાસ્તવમાં કોઈ કાર્યના થવા કે બગડવામાં એટલે ઉત્પાદ–વ્યયમાં તેની યોગ્યતા જ સાક્ષાત્ સાધક થાય છે. જેમ એક સાથે ગતિરૂપ પરિણમન માટે તૈયાર થયેલાં જડ–ચેતનમાં ગતિ પેદા કરવાવાળી તે જડ–ચેતનની જ ગમન કરવાની શક્તિ છે.

વસ્તુમાં જે પર્યાય થવાની હોય તે તરફ જ વસ્તુની ઉન્મુખતા હોય, બીજી તરફ ન હોય. પોતાની યોગ્યતા પ્રમાણે જ કાર્ય થાય છે. ત્યારે સહકારી નિમિત્ત હોય છે પણ તે નિમિત્ત છે માટે કાર્ય થાય છે એમ નથી.

કોઈ એમ કહે છે કે તમે જ્યારે બીજાને સમજાવો છો ત્યારે બીજા સમજે એવો તમારો હેતુ હોય છે માટે, નિમિત્ત કાંઈ કરતું નથી એ વાત પણ ન રહી અને ક્રમબદ્ધ પણ ન રહ્યું. તેને કહીએ છીએ કે ભાઈ! વાણી વાણીના કાળે પરિણમે છે આત્મા તેને પરિણમાવતો નથી. વાણી એ તો અનંતા જડ રજકણોનો પિંડ છે તેને આત્મા શી રીતે પરિણમાવે? પુદ્‌ગલના પરમાણુ વાણીરૂપે પરિણમવા માટે ઉન્મુખ થાય છે તેને આત્મા રોકી શકતો નથી. આ તો ભાઈ! જેને પરના અભિમાનથી છૂટીને સ્વમાં સમાવું હોય તેને માટે વાત છે. હું સમજાવું માટે બીજા સમજે એ વાતમાં જરાય માલ નથી.

"જે દ્રવ્યનો જે સમયે જે પર્યાયનો સ્વકાળ છે તે સમયે તે દ્રવ્ય તે પર્યાયની ઉન્મુખ-

તાએ વર્તે છે." આમાં ઉપાદાન-નિશ્ચય અને ક્રમબદ્ધ ત્રણેય આવી જાય છે. ઉપાદાનની સાથે નિમિત્ત અને નિશ્ચયની સાથે વ્યવહાર હોય છે પણ તે કાંઈ કાર્ય કરતાં નથી.

પ્રશ્નઃ—ગુરુથી શિષ્ય સમજતો નથી તો પછી ગુરુનું માહાત્મ્ય શું ?—

પૂજ્ય શ્રી :—ગુરુનું માહાત્મ્ય એમાં જ છે. સત્ સત્‌થી થાય એમ સ્વીકારે છે ત્યારે જ શિષ્યને ગુરુનું બહુમાન આવે છે તે વ્યવહાર છે. નિશ્ચયથી પોતાની મહિમા છે અને વ્યવહારથી ગુરુની મહિમા છે.

જીવ અને પુદ્‌ગલ સ્વયં ગતિ કરે છે ત્યારે ધર્મદ્રવ્ય નિમિત્ત થાય છે. જો ધર્મ-દ્રવ્ય ગતિ કરાવતું હોય તો તો આકાશને પણ ધર્મદ્રવ્ય ગતિ કરાવે પણ એમ કદી બનતું નથી. જીવ અને પુદ્‌ગલમાં ગતિ કરવાની શક્તિ છે માટે ગતિ કરે છે તેમાં ધર્મદ્રવ્યને હસ્તાવલંબ તુલ્ય દેખીને ગતિમાં સહાયક કહ્યું છે તેથી જીવ પુદ્‌ગલને ગતિના કાળે ધર્મદ્રવ્યને સહકારીકારણ કહ્યું છે, તેમ શિષ્ય પોતે સમજવા તરફ ઉન્મુખ છે ત્યારે સમજાવનાર ગુરુને સહકારીકારણ નિમિત્ત કહેવાય છે.

નિશ્ચયથી પોતાનો આત્મા જ પોતાનો ગુરુ છે પણ વ્યવહારથી ગુરુ નિમિત્ત છે માટે ગુરુની સેવા-સુશ્રુષા કરવી જોઈએ. શિષ્યના પોતાના મિથ્યાભાવનો પલટો થઈને ધર્મ પ્રગટ થાય છે, ત્યારે દેવ-શાસ્ત્ર-ગુરુ, ભગવાનની પ્રતિમા, સાધર્મી આદિ જે કોઈ નિમિત્ત હોય તેના પ્રત્યે શિષ્યને વિનય-ભક્તિ-સેવા આદિના ભાવ આવે છે.

લોકોને એમ થાય કે અમે પ્રત્યક્ષ જોઈએ છીએ કે અગ્નિ હોય તો જ પાણી ગરમ થાય છે, બરફ નાંખીએ ત્યારે જ પાણી ઠંડું થાય છે, બાઈ હોય તો જ રોટલી થાય છે, ગુરુ હોય તો જ જ્ઞાન થાય છે, અને આપ કહો છો કે નિમિત્તથી કાંઈ થતું નથી. પણ ભાઈ! તારી નિમિત્ત આધીન દૃષ્ટિ છે એટલે તને એવું લાગે છે. ખરેખર તો દ્રવ્યના પોતાના ઉપાદાનના કાળે જ પર્યાય થાય છે અને વ્યયના કાળે વ્યય થાય છે ત્યારે અનુકૂળ નિમિત્ત હાજર હોય છે, તે ખાલી નિમિત્તમાત્ર જ છે, તે વસ્તુમાં કાંઈ ફેર-ફાર કરી શકતું નથી. આ એક નિયમ જો સમજાય તો જ્ઞાનમાં સ્વતંત્રતાના ઢંઢેરા પીટાઈ જાય.

હવે, આ શિષ્યને એ વાત તો બેસી ગઈ કે પરથી કાર્ય થતું નથી, મારું કાર્ય મારાથી થાય છે, તો હવે પ્રશ્ન થાય છે કે અમારે અભ્યાસ કેવી રીતે કરવો ? આત્માનું ધ્યાન રીતે કરવું ?

જે અભ્યાસ કરવાની પર્યાયનો કામી છે તેવા શિષ્યને આવા પ્રશ્નો ઊઠે છે કે મારે મારા પૂર્ણ આનંદસ્વરૂપ ભગવાન આત્માને ઓળખીને તેમાં એકાગ્ર થવા માટે અભ્યાસ શું કરવો ? તેનો ઉપાય શું છે? તેને માટે કાંઈ નિયમ ખરો કે નહિ ? તેને માટે સ્થાન કેવું જોઈએ ? વગેરે પ્રશ્નોનો ગાથા દ્વારા મુનિરાજ ઉત્તર આપે છે.

પહેલાં તો 'અભ્યાસ'ની વ્યાખ્યા આપી છે કે વારંવાર પ્રવૃત્તિ કરવી તેને અભ્યાસ કહેવાય છે. આ વ્યાખ્યા પ્રસિદ્ધ છે, તે અનુસાર વારંવાર આત્મા તરફનો અભ્યાસ કરવો તેને આત્માનો અભ્યાસ કહેવાય. બહારની લાખ વાત છોડીને એક જ વાત કે હું જ્ઞાયક છું, જ્ઞાયક છું, જ્ઞાયક છું—એમ જ્ઞાયકનો અભ્યાસ જોઈએ.

ક્ષોભ રહિત એકાંતમાં સ્વરૂપ સ્થિર થઈ ખાસ,
યોગી તજી પરમાદને કરે તું તત્ત્વાભ્યાસ. ૩૬.

પ્રથમ તો અભ્યાસ કરવાવાળાના ચિત્તમાં ક્ષોભ ન હોય. આ કરું....આ કરું.....આ કર્યું....આ રહી ગયું એવો ક્ષોભ અભ્યાસીના ચિત્તમાં ન હોય. કેમ કે વિકલ્પની જાળનો ક્ષોભ હોય ત્યાં સુધી આત્માનો અભ્યાસ શી રીતે થાય! ન જ થાય.

જેની રાગાદિ ક્ષોભ રહિત શુદ્ધ ચિદાનંદ આત્મસ્વરૂપમાં સ્થિતિ છે એવા યોગી સાવધાનીપૂર્વક એકાંત સ્થાનમાં પોતાના આત્મસ્વરૂપનો અભ્યાસ કરે છે.

આ તો અંતરની વાતો છે ભાઈ! તેમાં બહુ સૂક્ષ્મ રીતે ભેદ પાડીને સમજાવ્યું છે. હું જ્ઞાનાનંદસ્વરૂપ આત્મા છું, એમ જેણે નક્કી કર્યું છે અને ક્ષોભથી રહિત થયા છે અને સ્વરૂપમાં જેણે જોડાણ કર્યું છે એવા યોગી સાવધાનીપૂર્વક એટલે ખંતથી ખ્યાલ કરતાં, એકાંત સ્થાનમાં આત્માનો અભ્યાસ કરે છે.

એકાંત સ્થાન એટલે બહારમાં કોલાહલ રહિત એકાંત અને અંતરમાં રાગાદિ વિકલ્પોના ક્ષોભ રહિત એકાંત સ્થાનમાં અભ્યાસ થઈ શકે છે.

જુઓ, અહીં ભગવાનનું સ્મરણ કરવું કે જાપ કરવો તે વાત લીધી નથી. અહીં તો જ્ઞાનાનંદસ્વરૂપ આત્મામાં ઠરવાનો પ્રયત્ન કરવો તે અભ્યાસ છે. આવા ઉપદેશને ઇષ્ટઉપદેશ કહેવાય કે જેમાં જીવનું હિત થાય છે.

મારે બીજું કાંઈ જોઈતું નથી, બીજું કાંઈ કરવું નથી, એક આત્માનો અનુભવ કરવો છે એવી જેની ભાવના છે તેની આ વાત છે. [ક્રમશઃ]

—*—

[મહાન લક્ષ્મીધર....પાનું ૧૯ થી ચાલુ]

૫૫. સમ્યગ્દર્શનરૂપી અપૂર્વ ધર્મ પ્રગટ કરવા માટે ભગવાન આત્મા અનંત અનંત શક્તિઓનું સંગ્રહાલય છે, અનંત અનંત ગુણોનું ગોદામ છે, વીતરાગીમૂર્તિ છે—એવી પરમાર્થ સ્વરૂપ જીવની દૃષ્ટિ કરવી. ૫૫.

# * મહાન લક્ષ્મીધર *

પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેનની ૫૫ મી સમ્યક્ત્વજયંતી પ્રસંગે
સમ્યક્ત્વ-મહિમા-પ્રકાશક, સમ્યક્ત્વધારી-ધર્માત્મા પ્રતિ બહુમાન-ભક્તિ પ્રેરક,
૫૫ ભક્તિ-પુષ્પો

* સમ્યગ્દૃષ્ટિ જ્ઞાનાનંદસ્વભાવની અનુભૂતિ કરીને સિદ્ધભગવાનનો 'લઘુનંદન' થયો હોવાથી ધન્ય છે. ૧.
* સમ્યગ્દૃષ્ટિ ધર્માત્માના ચરણથી સ્પર્શાયેલી ભૂમિ તીર્થધામ બની જાય છે. ૨.
* સમ્યગ્દર્શનના પ્રતાપથી, અંશે પણ વ્રત-પચખાણ આદિ ન હોવા છતાં શ્રેણિક મહારાજે તીર્થંકરગોત્ર બાંધ્યું અને આવતી ચોવીશીમાં પ્રથમ તીર્થંકર મહાપદ્મ થશે. ૩.
* સમ્યગ્દૃષ્ટિ ગૃહસ્થ રોગની ભયંકર વેદનાકાળે પણ આત્મીક આનંદને અંતરમાં અનુભવે છે. ૪.
* સમ્યગ્દૃષ્ટિ બાહ્યથી નિર્ધન દેખાવા છતાં અંતરમાં મહાન સ્વરૂપ-લક્ષ્મીનો સ્વામી હોવાથી મહાન લક્ષ્મીધર છે. ૫.
* સમ્યગ્દૃષ્ટિ જ અરહંતના દ્રવ્ય-ગુણ-પર્યાયને યથાર્થ જાણે છે. ૬.
* સમ્યગ્દૃષ્ટિ જ ઉપાદાન-નિમિત્તના સ્વરૂપને યથાર્થ જાણે છે. ૭.
* સમ્યગ્દૃષ્ટિ જ સર્વજ્ઞને યથાર્થ સ્વીકારે છે. ૮.
* સમ્યગ્દૃષ્ટિને જ ક્રમબદ્ધ પર્યાયનું સાચું જ્ઞાન થાય છે. ૯.
* સમ્યગ્દૃષ્ટિ જ નિશ્ચય-વ્યવહારધર્મના સ્વરૂપને યથાર્થ જાણે છે. ૧૦.
* સમ્યગ્દૃષ્ટિ ચંડાળ પણ સ્વાનુભૂતિના બળે પૂજ્યતાને પામે છે. ૧૧.
* સમ્યગ્દર્શનના પ્રતાપે ઇન્દ્રને પણ સ્વર્ગીય વિભૂતિથી ઉદાસ કરી દીધો છે, સ્વર્ગની દૈવી વિભૂતિમાં પણ તેનું ચિત્ત ચોંટતું નથી. ૧૨.
* સમ્યગ્દૃષ્ટિ રાગથી માંડીને જગત આખાનો જ્ઞાતા છે, જેમ કેવળી

ભગવાન જગતના જ્ઞાતા છે તેમ દૃષ્ટિ અપેક્ષાએ સમકિતી માત્ર જ્ઞાતા જ છે. ૧૩.

* સમ્યગ્દૃષ્ટિ તિર્યંચ દેડકો પણ ગણધરની જેવો પ્રતીતિવંત હોવાથી સમ્યક્‌ના પ્રતાપે પોતાને સિદ્ધ સમાન માને છે. ૧૪.

* સમ્યગ્દૃષ્ટિ સ્વાનુભવના બળે સિદ્ધભગવાનની નાતમાં ને જાતમાં ભળી, તેમના આંશિક સુખને આસ્વાદે છે. ૧૫.

* સમ્યગ્દર્શનનો પ્રતાપ આશ્ચર્યકારી બાહ્ય વિભૂતિથી અલિપ્ત રાખી (ભરત ચક્રવર્તીના દૃષ્ટાંતે) અંતર્મુહૂર્તમાં કેવળજ્ઞાન પ્રગટ કરાવે છે. ૧૬.

* સમ્યગ્દર્શન થતાં મિથ્યાત્વ–અનંતાનુબંધીરૂપ કરોડો રૂપિયાનું દેવું ચૂકવાઈ ગયું હોવાથી અસ્થિરતારૂપ માત્ર અડધા રૂપિયા જેટલું દેવું બાકી છે; તેની કાંઈ ગણતરી નથી. ૧૭.

* સમ્યગ્દર્શનના પ્રતાપથી સિંહ, સર્પ આદિ ક્રૂર પ્રાણી પણ ક્રૂરતા છોડી સિદ્ધ સમાન આંશિક આનંદને અનુભવે છે. ૧૮.

* સમ્યગ્દૃષ્ટિ ધર્માત્માના ચરણથી સ્પર્શાયેલી ધૂલી પણ પૂજ્યતાને પામે છે. ૧૯.

* સમ્યગ્દર્શનના પ્રતાપથી ચક્રવર્તી છ–ખંડની વિભૂતિને નાકના મેલ સમાન જાણી ક્ષણમાં છોડી શકે છે. ૨૦.

* સમ્યગ્દૃષ્ટિ રાગને ગૌણ કરી પોતાને પ્રભુપણે દેખતો હોવાથી બીજા જીવને પણ, તેને વર્તતો રાગ ગૌણ કરીને, પ્રભુપણે દેખે છે. ૨૧.

* સમ્યગ્દૃષ્ટિ જ પ્રત્યેક દ્રવ્યની પ્રત્યેક પર્યાયની સ્વતંત્ર યોગ્યતાના સ્વરૂપને યથાર્થ જાણે છે. ૨૨.

* સમ્યગ્દૃષ્ટિ સંસારમાં દેખાવા છતાં સમ્યગ્દૃષ્ટિમાં સંસાર નથી, જેમ સમુદ્રના જળ ઉપર નાવ છે પણ નાવમાં જળ નથી. ૨૩.

* સમ્યગ્દર્શન પ્રગટ થતાં આનંદસ્વરૂપ આત્મા મધ્યબિંદુથી ઊછળે છે; પછી ભલે બાહ્યમાં મન મોળું પડે, ઇન્દ્રિયો શિથિલ

થાય કે શરીર મોળું પડે પણ તેના આનંદને રોકવા જગતનો કોઈ પદાર્થ સમર્થ નથી. ૨૪.

* સમ્યગ્દષ્ટિ જ ઉત્સર્ગમાર્ગ અને અપવાદમાર્ગની મૈત્રીને યથાર્થ સાધી શકે છે. ૨૫.

* સમ્યગ્દષ્ટિએ અનંતા સિદ્ધોનાં હૃદયને કળી લીધા હોવાથી દષ્ટિમાં તે સિદ્ધ થઈ ગયો છે. ૨૬.

* સમ્યગ્દર્શનના પ્રતાપથી ભીષણ વેદનામાં પડેલો નારકી પણ વેદનાના દુ:ખને ભૂલીને આનંદના અનુભવની ગટાગટી કરે છે. ૨૭.

* સમ્યગ્દષ્ટિને જગતના વજ્રપાત સમાન ભયંકર ઉપદ્રવો પણ ભયવાન બનાવવા સમર્થ ન હોવાથી નિર્ભય છે. ૨૮.

* સમ્યગ્દષ્ટિ ચૈતન્યસ્વરૂપને જ પોતાનો શાશ્વત લોક માનતો હોવાથી ચિદ્‌સ્વરૂપથી ભિન્ન આ લોક અને પર લોકના ભયથી રહિત છે. ૨૯.

* સમ્યગ્દષ્ટિ જ્ઞાનાનંદસ્વરૂપનું સંવેદન કરતો હોવાથી, રોગની વેદનાને વેદતો ન હોવાથી તે વેદનાભયથી રહિત છે. ૩૦.

* સમ્યગ્દષ્ટિ ચૈતન્યસ્વરૂપને સ્વત: રક્ષિત જાણતો હોવાથી તે અરક્ષાભય રહિત છે. ૩૧.

* સમ્યગ્દષ્ટિ વસ્તુનું સ્વરૂપ જ વસ્તુની પરમ ગુપ્તિરૂપ છે તેમ જાણતો હોવાથી, અગુપ્તિભયથી રહિત છે. ૩૨.

* સમ્યગ્દષ્ટિ આત્માના પ્રાણ નિશ્ચયથી જ્ઞાન છે અને જ્ઞાન સ્વયમેવ શાશ્વત છે તેમ જાણતો હોવાથી, મરણભયથી રહિત છે. ૩૩.

* સમ્યગ્દષ્ટિ જ્ઞાન સ્વત:સિદ્ધ એક અચલ અનાદિ અનંત છે, તેમાં બીજાનો પ્રવેશ નથી તથા તેમાં કાંઈ અણધાર્યું થતું નથી તેમ જાણતો હોવાથી, અકસ્માતભયથી રહિત છે. ૩૪.

* સમ્યગ્દષ્ટિ સંસારના કાર્યો નોકરવત્ કરતો હોવાથી ગૃહસ્થાશ્રમમાં વિચિત્ર ઉદયભાવોનો સ્વામી થતો નથી. ૩૫.

* સમ્યગ્દષ્ટિ ક્રોધથી લડાઈ કરતો દેખાવા છતાં (રામ, પાંડવ આદિના દૃષ્ટાંતે ) ક્રોધથી ભિન્ન પોતાને અનુભવતો હોવાથી તથા ક્રોધ–પરિણામનો અકર્તા હોવાથી જ્ઞાતા છે. ૩૬.

* સમ્યગ્દષ્ટિ દેવ-મનુષ્ય-તિર્યંચ કે નારકી હોવા છતાં પણ કેવળ આત્માને અનુભવતો હોવાથી દષ્ટિમાં કેવળી સમાન છે. ૩૭.

* સમ્યગ્દષ્ટિએ અબદ્ધસ્પૃષ્ટ આત્માને પોતાના શુદ્ધોપયોગમાં અનુભવ્યો હોવાથી તેણે સકલ જૈનશાસનને દેખ્યું અને અનુભવ્યું છે. ૩૮.

* અહો! સમ્યગ્દષ્ટિએ કેવી આશ્ચર્યકારી, અદ્‌ભૂત, અચિંત્ય, સર્વોત્કૃષ્ટ વસ્તુને કબજે કરી લીધી છે કે જેના સામર્થ્યથી અસંખ્યાત લોકપ્રમાણ મોહ-રાગ દ્વેષરૂપી બળવાન યોદ્ધાઓને અલ્પકાળમાં જીતીને સાક્ષાત્ સિદ્ધ થઈ જાય છે. ૩૯.

* સમ્યગ્દષ્ટિને બાહ્ય સામગ્રીનો ઉપભોગ બંધન કરી શકતો નથી, જેમ વિષપાન કરવા છતાં વૈદ્ય મરતો નથી. ૪૦.

* સમ્યગ્દર્શનના પ્રતાપથી સર્વોત્કૃષ્ટ પુણ્ય બંધાઈને તીર્થંકર, ચક્રવર્તી, બળભદ્ર, વાસુદેવ, પ્રતિવાસુદેવરૂપે મોક્ષગામી ત્રેસઠ શલાકા પુરુષપણે થાય છે. ૪૧.

* સમ્યગ્દષ્ટિને ચૈતન્યસ્વભાવમાં જ તીવ્ર આસક્તિ હોવાથી ઇન્દ્ર અને ચક્રવર્તીના દૈવી ભોગ-ઉપભોગમાં પણ તે આસક્ત થતો નથી, જગતના વૈભવમાં ક્યાંય તેનું મન લાગતું નથી. ૪૨.

* સમ્યગ્દર્શનમાં વિશ્વાસનું જે જોર છે, પ્રતીતિનું જે જોર છે તે આત્માને અલ્પકાળમાં મોક્ષ પમાડે છે. ૪૩.

* સમ્યગ્દષ્ટિ દષ્ટિમાં પોતાને મુક્તસ્વરૂપે અનુભવતો હોવા છતાં વ્યવહારરત્નત્રયના સૂક્ષ્મ રાગના કણને પણ જ્ઞાનમાં કષાયકણ જાણવાનું ભૂલતો નથી. ૪૪.

* સમ્યગ્દષ્ટિ ચાલતો હોવા છતાં સ્થિર છે, બોલતો હોવા છતાં મૌન છે, આહાર કરતો હોવા છતાં અણુ-આહારી છે, શરીર સહિત દેખાવા છતાં શરીર રહિત છે—આવી અનેક આશ્ચર્યકારી દશાવંત સમ્યગ્દષ્ટિ ધન્ય છે. ૪૫.

* સમ્યગ્દષ્ટિ ઔદારિક કાયાને રાખ સમાન જાણે છે, કુટુંબના કાર્યને કાળ (મૃત્યુ) સમાન જાણે છે, ઘરવાસને ભાલા સમાન જાણે છે, જગતના ભોગ-વિલાસને મુંઝવારૂપ જાળ સમાન જાણે છે. ૪૬.

* સમ્યગ્દષ્ટિ ચક્રવર્તીની સંપદા તથા ઇંદ્રના ભોગને કાગડાની વિષ્ટા સમાન જાણે છે. ૪૭.

* સમ્યગ્દષ્ટિ ઉપાદાનથી જ કાર્યની ઉત્પત્તિ માનતો હોવા છતાં નિમિત્ત-નૈમિત્તિક ભાવના ઘનિષ્ટ સંબંધનો વિવેકી છે. ૪૮.

* સમ્યગ્દષ્ટિ નિશ્ચયને જ મોક્ષમાર્ગ માનતો હોવા છતાં નિશ્ચય-વ્યવહારધર્મના સુમેળનો વિવેકી છે. ૪૯.

* સમ્યગ્દષ્ટિ વ્યવહારમાં વર્તતો દેખાવા છતાં વ્યવહારથી મુક્ત છે અને નિશ્ચયમાં લીન છે. ૫૦.

* સમ્યગ્દષ્ટિનો ઉપયોગ સ્વરૂપમાંથી બહાર જતો દેખાવા છતાં તે 'ઉપયોગ રહિત ચક્ષુ સમાન' હોવાથી તેને કેવળ સ્વ-ઉપયોગ છે. ૫૧.

* સમ્યગ્દષ્ટિ પરનું કાર્ય કરવા માટે પાંગળો છે અને પોતાનું કાર્ય—કેવળજ્ઞાન અંતર્મુહૂર્તમાં પ્રગટ કરે તેવો પ્રભુ છે. ૫૨.

* અહો! સમ્યગ્દર્શન એ તો અદ્ભૂત આશ્ચાર્યકારી આત્માના શુદ્ધ પરિણામ છે. સમ્યગ્દર્શન પ્રગટ થતાં આત્માના પ્રદેશે પ્રદેશે આનંદનો જન્મ થાય છે, આત્માના અસંખ્ય પ્રદેશે આનંદતરંગો ઊછળે છે. ૫૩.

* સમ્યગ્દર્શન થયું એટલે ભવનો અંત આવ્યો, આત્મિક આનંદનો ખજાનો હાથ આવ્યો અને મોક્ષનો પંથ શરૂ થયો. ૫૪.

[ અનુસંધાન માટે જુઓ પાનું ૧૧ ]

# 卐 વૈરાગ્યજનની : બાર ભાવના 卐

[ શ્રી સ્વામીકાર્તિકેયાનુપ્રેક્ષા ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન ]

સમ્યગ્દષ્ટિ જીવ લોક અનુપ્રેક્ષા ચિંતવતાં લોકનાં સ્વરૂપનો વિચાર કરે છે. લોકમાં છ દ્રવ્યો રહેલાં છે, તેમાં જીવના ત્રણ પ્રકાર છે. બહિરાત્મા, અંતરાત્મા ને પરમાત્મા; સિદ્ધ અને અરિહંત પરમાત્મા છે. દેહને અને આત્માને એક માને છે, દેહની ક્રિયાથી લાભ-નુકશાન માને છે, તે બહિરાત્મા છે એનું વર્ણન કર્યું. હવે અંતરાત્માનું વર્ણન ચાલે છે. અંતરાત્મા દેહથી ભિન્ન ચિદાનંદસ્વરૂપ જીવને જાણે છે.

જિનવાણી તો દેહ અને આત્માની ભિન્નતા કહી રહી છે. જે જીવ દેહ અને આત્માને ભિન્ન ભિન્ન જાણે તેણે જ જિનવાણીને ખરેખર જાણી કહેવાય. અને જે જીવ પોતાના આત્માને દેહથી ભિન્ન જાણે તે જીવને દેહની જાતિ-રૂપ વગેરેનું અભિમાન હોય નહીં. દેહ તો અજીવ છે, તે દેહ જ હું નથી. એમ જ્યાં માન્યું છે ત્યાં દેહની જાતિનું અભિમાન કેમ હોય? માતા ખાનદાન હોય, પિતાનું કુળ મોટું હોય, દીકરા–લક્ષ્મી વગેરેનો લાભ હોય. તેમાં ક્યાંય ધર્મીને અહંકાર–મમકાર થતો નથી. રાજ તરફથી મોટા–મોટા ઇલ્કાબ મળે, સોનાના કડાં આપીને રાજ તરફથી માન મળતું હોય, છતાં ધર્મી જાણે છે આ મારી ચીજ નથી, હું તો ચિદાનંદ આત્મા છું. ગર્ભશ્રીમંત કુળમાં જનમ્યો તે તો દેહ છે. આત્મા તો ચૈતન્યલક્ષ્મીનો ધણી છે—એવું જેને ભાન છે તે અંતરાત્માને દેહનું અભિમાન હોતું નથી. વળી દેહનું રૂપ ખૂબ સુંદર હોય, હાથ–પગ–મોઢું બધું સુંદર હોય. ઘંટડી જેવો અવાજ હોય–તે બધા પરદ્રવ્યજનિત સંયોગ છે. તેમાં ધર્મીને આત્મબુદ્ધિ થતી નથી. વળી ઉપવાસ, વિનય વગેરે તપ કરીને અજ્ઞાની તેનું અભિમાન કરે છે; પણ ધર્મીને તેમાં અભિમાન થતું નથી. ઘી, દૂધ છોડે, વધારે ઉપવાસ કરે. ત્યાં બીજા કરતાં પોતાને અધિક માને ને બીજા ઉપવાસ ન કરે તેને હીન માને,—તેવું અભિમાન ધર્મીને હોતું નથી. વળી શરીરમાં ઘણું બળ હોય તે જડ છે તેનું અભિમાન ધર્મીને હોતું નથી. વળી વિદ્યાનું અભિમાન ધર્મીને હોતું નથી. જ્ઞાનનો થોડોક ઉઘાડ થાય ત્યાં અજ્ઞાનીને અભિમાન થઈ જાય છે. કાંઈક યાદશક્તિ હોય ને અવધાન કરે, ત્યાં અજ્ઞાનીને તેમાં ઘણું લાગી જાય છે. અજ્ઞાની હોય ને બે હજાર અવધાન કરે—પણ તેમાં શું? અજ્ઞાનીને તેમાં મહત્તા લાગી જાય છે. પણ ભાઈ! કેવળજ્ઞાન પાસે તેની શું કિંમત!! અખંડ ચૈતન્યસ્વભાવને જેણે જાણ્યો છે તેને અલ્પજ્ઞાનનું અભિમાન કેમ હોય? પૂર્ણ સ્વભાવને જેણે જાણ્યો નથી તેને અલ્પજ્ઞાનમાં અભિમાન થાય છે. ધર્મીને અધૂરા જ્ઞાનમાં અભિમાન થતું નથી. અહો! કેવળજ્ઞાનની અનંતતા પાસે ચાર જ્ઞાન પણ

ઘણાં અલ્પ છે, તેનું અભિમાન કરે તો પર્યાયબુદ્ધિ મિથ્યાદૃષ્ટિ થઈ જાય છે. ધર્મી જીવ જાણે છે કે દ્રવ્યમાં મારી પ્રભુતા છે પણ પર્યાયમાં કેવળજ્ઞાન ન થાય ત્યાં સુધી પામરતા છે. વળી ઐશ્વર્ય મળે, ચક્રવર્તીપદ મળે કે આચાર્યપદવી મળે, એવા અધિકારમાં ધર્મી જીવને અભિમાન થતું નથી. સ્વભાવનું ભાન છે ને સંયોગથી ભિન્નતા જાણે છે તેને પરદ્રવ્યના સંયોગમાં ગર્વ થતો નથી.

હવે એ ત્રણે પ્રકારોમાં ઉત્કૃષ્ટ અંતરાત્માનું સ્વરૂપ કહે છે.

पञ्चमहाव्रतयुक्ताः धर्म्मे शुक्ले अपि संस्थिताः नित्यम् ।
निर्जितसकलप्रमादाः उत्कृष्टाः अन्तरात्मानः भवन्ति ॥ १९५ ॥

અર્થ:—જે જીવ પંચમહાવ્રતથી યુક્ત હોય, નિત્ય ધર્મધ્યાન–શુક્લધ્યાનમાં રમતો હોય અને જીત્યા છે સર્વ નિદ્રા આદિ પ્રમાદો જેણે તે ઉત્કૃષ્ટ અંતરાત્મા છે. ૧૯૫

અહીં સાતમાથી બારમાં ગુણસ્થાન સુધી ઉત્કૃષ્ટ અંતરાત્મા ગણ્યા છે.

હવે મધ્યમ અંતરાત્માનું સ્વરૂપ કહે છે:—

श्रावकगुणैः युक्ताः प्रमत्तविरताः च मध्यमाः भवन्ति ।
जिनवचने अनुरक्ताः उपशमशीलाः महासत्त्वाः ॥ १९६ ॥

અર્થ:—જે જીવ શ્રાવકના વ્રતોથી સંયુક્ત હોય વા પ્રમત્તગુણસ્થાન યુક્ત જે મુનિ હોય તે મધ્યમ અંતરાત્મા છે. કેવા છે તેઓ? શ્રી જિનેન્દ્રવચનમાં અનુરક્ત–લીન છે, આજ્ઞા સિવાય પ્રવર્તન કરતા નથી. મંદકષાય–ઉપશમભાવરૂપ છે સ્વભાવ જેનો મહા પરાક્રમી છે, પરિષહાદિ સહન કરવામાં દૃઢ છે અને ઉપસર્ગ આવતાં પ્રતિજ્ઞાથી જે ચલિત થતાં નથી. ૧૯૬.

જુઓ, પંચમ ગુણસ્થાનવર્તી શ્રાવક તથા છઠ્ઠા ગુણસ્થાનવાળા મુનિની આ વાત છે. તેઓ શ્રી જિનવચનમાં અનુરક્ત છે. વીતરાગનાં ચરણકમળના ભક્ત છે. મહાઉપશાંત મંદકષાયી છે. તથા મહાપરાક્રમી છે. નાતની, કુટુંબની કે બીજા સંયોગની ગમે તેવી પ્રતિકૂળતા આવે તોપણ મહાપરાક્રમપૂર્વક સહન કરનાર છે. પુરુષાર્થમાં સિંહ જેવા છે, તે વીતરાગમાર્ગ સિવાય બીજા માર્ગને અનુસરે નહિ. શ્રાવક પણ મહાપરાક્રમી છે. ઉપશમભાવ તેમનો સ્વભાવ થઈ ગયો છે એટલે કે સહજ શાંતિ અને મંદકષાય વર્તે છે. શ્રાવકને કે મુનિને દુનિયાની દરકાર હોય નહિ. ધર્માત્માને સ્વભાવના અવલંબને એવું પરાક્રમ વર્તે છે કે ગમે તેવા ઉપસર્ગમાં પણ પ્રતિજ્ઞાથી ચલિત થતાં નથી. અનુકૂળતાનો પરિષહ આવે કે પ્રતિકૂળતા આવે—પણ તે ધર્માત્મા પોતાની પ્રતિજ્ઞાથી ચ્યુત થતા નથી. આવા મધ્યમ અંતરાત્મા છે.

હવે જઘન્ય અંતરાત્માનું સ્વરૂપ કહે છે.

अविरतसम्यग्दृष्टयः भवन्ति जघन्याः जिनेन्द्रपदभक्ताः ।
आत्मानं निन्दन्तः गुणग्रहणे सुष्ठु अनुरक्ताः ॥ १९७ ॥

અર્થ:—જે જીવ અવિરત સમ્યગ્દષ્ટિ છે અર્થાત્ સમ્યગ્દર્શન તો જેમને છે પણ ચારિત્રમોહના ઉદયથી વ્રત ધારણ કરી શકતા નથી તે જઘન્ય અંતરાત્મા છે. ૧૯૭.

ચોથા ગુણસ્થાનવાળા અવિરતિ સમ્યગ્દષ્ટિ છે તે જઘન્ય અંતરાત્મા છે. તેઓ જિનેન્દ્રદેવના ચરણકમળના ઉપાસક છે. અંતરમાં ચિદાનંદ ભગવાનની ઉપાસના અને બહારમાં વીતરાગ સર્વજ્ઞ પરમાત્માની ઉપાસના–પૂજા–ભક્તિ કરે છે. સમ્યગ્દષ્ટિ એ સિવાય બીજાને માને નહિ. શ્રી જિનેન્દ્રદેવની વાણી તેમ જ તેમની પરંપરામાં નિગ્રંથ સંતોએ કહેલી વાણીની ભક્તિમાં તે તત્પર છે. શ્રી કુંદકુંદાચાર્ય, ધરસેનાચાર્ય, અકલંક આચાર્ય, સમંતભદ્રાચાર્ય, અમૃતચંદ્રાચાર્ય વગેરે નિર્ગ્રંથ સંતગુરુઓની ભક્તિમાં સમ્યગ્દષ્ટિ તત્પર છે, એ સિવાય કુગુરુઓને ધર્મી જીવ માને નહિ. અહો! કયાં વીતરાગી સંતમુનિઓ અને કયાં આ રાગ! એમ અવિરતિ–પરિણામનો ખેદ છે. તેથી તે પોતાના આત્માને નિંદે છે. સ્વભાવની પ્રભુતાનું ભાન છે, પણ પર્યાય હજી હીણી છે. સમ્યગ્દર્શન હોવા છતાં ચારિત્રમોહના ઉદયથી વ્રત ધારી શકતા નથી પણ તેની ભાવના તો નિરંતર રહ્યા જ કરે છે. અહો! ક્યારે નિર્ગ્રંથ વીતરાગી મુનિદશા પ્રગટ કરીએ! એવી ભાવના નિરંતર વર્તે છે, ને વિભાવની નિંદા કર્યા જ કરે છે તથા સમ્યગ્દર્શન આદિ ગુણો પ્રત્યે અનુરાગી છે. જેને પોતાને સાચી શ્રદ્ધા ને સાચું જ્ઞાન થયું હોય તેની ભભક છાની રહે નહિ. બીજા સમ્યગ્દર્શનાદિ ગુણોના ધારક જીવો પ્રત્યે તેને અત્યંત પ્રેમ થાય છે, ધર્માત્માને દેખીને અનુરાગ આવે છે. પોતાને ગુણની પ્રીતિ અને બહુમાન છે, તેથી બીજા જીવોમાં પણ ગુણો દેખતાં બહુમાન અને આદર આવે છે. બીજા કરતાં સમ્યગ્દર્શનાદિનાં ધારક જીવોમાં તેને આંતરો પડી જાય છે. આવા અવિરત સમ્યગ્દષ્ટિ ધર્માત્મા તે જઘન્ય અંતરાત્મા છે. આ પ્રમાણે ત્રણ જાતના અંતરાત્મા કહ્યાં.

ભાવાર્થ:—ચોથા ગુણસ્થાનવર્તી જઘન્ય અંતરાત્મા છે, પાંચમાં અને છઠ્ઠા ગુણસ્થાનવર્તી મધ્યમ અંતરાત્મા છે તથા સાતમાંથી માંડીને બારમાં ગુણસ્થાન સુધીનાં (સાધકો) ઉત્કૃષ્ટ અંતરાત્મા જાણવાં.

હવે પરમાત્માનું સ્વરૂપ કહે છે:—

सशरीराः अर्हंतः केवलज्ञानेन ज्ञातसकलार्थाः ।
ज्ञानशरीराः सिद्धाः सर्वोत्तमसौख्यसंप्राप्ताः ॥ १९८ ॥

અર્થ:—શરીર સહિત અરહંત છે, તે કેવા છે? કેવળજ્ઞાન દ્વારા જેઓ સકલ પદાર્થોને જાણે છે તે પરમાત્મા છે તથા શરીર રહિત અર્થાત્ જ્ઞાન જ છે શરીર

જેઓને તે સિદ્ધ છે. કેવા છે તે? સર્વ ઉત્તમ સુખોને પ્રાપ્ત થયા છે તે શરીર રહિત પરમાત્મા છે. ૧૯૮.

સિદ્ધ ભગવાન તો શરીર રહિત, ચૈતન્યબિંબ થઈ ગયા છે અને અરિહંત ભગવાન શરીર સહિત સર્વજ્ઞ પરમાત્મા છે. તે પરમાત્મા આત્માની પૂર્ણ જ્ઞાન-આનંદ લક્ષ્મીને પામ્યા છે. સિદ્ધ ભગવંતો ક્યાં છે? લોકમાં જ છે. અરિહંતો પણ લોકમાં સદાય હોય જ છે. લોક કદી પણ અરિહંત વગરનો ન હોય. લોકમાં અરિહંત, સિદ્ધપરમાત્મા તથા ત્રણ પ્રકારના અંતરાત્મા અને બહિરાત્મા–એવા જીવોનો કદી વિરહ પડતો નથી. એવા જીવો જગતમાં સદા હોય છે.

**ભાવાર્થ**:—તેરમાં તથા ચૌદમાં ગુણસ્થાનવર્તી અર્હંત શરીર સહિત પરમાત્મા છે તથા સિદ્ધ પરમેષ્ઠિ શરીરરહિત પરમાત્મા છે.

હવે 'પરા' શબ્દનો અર્થ કહે છે.

**निःशेषकर्म्मनाशे आत्मस्वभावेन या समुत्पत्तिः ।**
**कर्म्मजभावक्षये अपि च सा अपि च प्राप्तिः परा भवति ।। १९९ ।।**

**અર્થ**:—જે સમસ્ત કર્મનો નાશ થતાં પોતાના ઉત્કૃષ્ટ ચૈતન્યસ્વભાવથી ઊપજે છે તેમને ઉત્કૃષ્ટ ચૈતન્ય લક્ષ્મી છે. તેથી તે પરમાત્મા છે. ૧૯૯.

**ભાવાર્થ**:—પરમાત્મા શબ્દનો અર્થ આ પ્રમાણે છે કે જે 'પરા' એટલે ઉત્કૃષ્ટ તથા 'મા' એટલે લક્ષ્મી જેને હોય એવા આત્માને પરમાત્મા કહીયે છીએ. જે સમસ્ત કર્મોનો નાશ કરીને સ્વભાવલક્ષ્મીને પ્રાપ્ત થયા છે એવા સિદ્ધ તે પરમાત્મા છે. વળી ઘાતિકર્મોના નાશથી અનંત ચતુષ્ટયરૂપ લક્ષ્મીને જેઓ પ્રાપ્ત થયા છે એવા અરહંત તે પણ પરમાત્મા છે. વળી તેઓને જ 'ઔદયિકાદિ ભાવોનો નાશ કરી પરમાત્મા થયા' એમ પણ કહીએ છીએ.

બહારની જડ લક્ષ્મી આત્માની નથી. આત્માની ચૈતન્યલક્ષ્મી જેને પરિપૂર્ણ પ્રગટી છે તે જ પરમાત્મા છે. ભાવકર્મ અને દ્રવ્યકર્મના નાશથી અનંત ચતુષ્ટયરૂપ સ્વભાવલક્ષ્મી પ્રગટ કરી છે, તે અરિહંત અને સિદ્ધભગવાન પરમાત્મા છે. સિદ્ધભગવાનને તો ક્ષાયિક અને પારિણામિક ભાવ જ છે. અરિહંત ભગવાનને ક્ષાયિક અને પારિણામિકભાવ છે, તેમ જ હજી યોગ વગેરેનો ઉદયભાવ પણ છે, કેવળજ્ઞાનરૂપ ક્ષાયિકભાવ પ્રગટી ગયો છે. તે તો આત્માનો સ્વભાવ છે. તેથી તે ધર્મ છે. શાસ્ત્રમાં કોઈવાર વિકારને પણ ધર્મ કહેવાય છે. કેમ કે તે પર્યાયધર્મ છે, વિકારી પર્યાય પણ પોતાની છે, તે અપેક્ષાએ તેને ધર્મ કહેવાય, તે કાંઈ મોક્ષના કારણરૂપ ધર્મ નથી. સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રને પણ ધર્મ કહેવાય અને કેવળજ્ઞાનને પણ ધર્મ કહેવાય. કેવળજ્ઞાન તે આત્માનો સ્વભાવ છે, તેથી તે ધર્મ છે, કેવળી પરમાત્માને કેવળજ્ઞાન અને પૂર્ણાનંદદશા પ્રગટી ગઈ છે.

હવે કહે છે કે અનાદિથી બધા જીવો પર્યાયમાં શુદ્ધ નથી, સ્વભાવે શુદ્ધતા છે, પણ પર્યાયમાં અનાદિથી શુદ્ધતા નથી. બધા જીવો સર્વથા-પર્યાયથી પણ શુદ્ધ જ છે—એમ જે માને તેના મતનો નિષેધ કરે છે.

यदि पुनः शुद्धस्वभावाः सर्वे जीवः अनादिकाले अपि ।
तत् तपश्चरणविधानं सर्वेषां निष्फलं भवति ॥ २०० ॥

અર્થ:—જો બધાય જીવો અનાદિકાળથી પણ શુદ્ધસ્વભાવરૂપ છે તો બધાયને તપશ્ચરણાદિમાં વિધાન છે તે નિષ્ફળ થાય છે. ૨૦૦.

પર્યાયમાં અશુદ્ધતાવાળા જીવો પણ લોકમાં છે. જીવને પર્યાયમાં અનાદિથી અશુદ્ધતા છે. જો પર્યાયમાં અશુદ્ધતા ન હોય તો તો તપ-વ્રત વગેરે શા માટે કરે છે? અશુદ્ધતા ન હોય તો અશુદ્ધતાના નાશનો ઉપાય કેમ કરે?

तत् कथं गृहणन्ति देहं नानाकर्माणि तर्हि कथं कुर्वन्ति ।
सुखिताः अपि च दुखिताः अपि च नानारूपाः कथं भवन्ति ॥ २०१ ॥

અર્થ:—જો જીવ સર્વથા શુદ્ધ જ છે તો દેહને કેમ ગ્રહણ કરે છે? નાના-પ્રકારના કર્મોને કેમ કરે છે? તથા "કોઈ સુખી છે-કોઈ દુઃખી છે" એવા નાના-પ્રકારના તફાવતો કેમ હોય છે? માટે તે સર્વથા શુદ્ધ નથી. ૨૦૧.

તેરમાં અને ચૌદમાં ગુણસ્થાને પણ હજી ઔદયિકભાવ છે તેટલી અશુદ્ધતા છે. તેથી દેહનો સંયોગ છે. તો પછી બીજા સંસારી જીવોને તો અશુદ્ધતા હોય જ. જો અશુદ્ધતા જ ન હોય તો દેહનો સંયોગ કેમ હોય? તથા શુભ-અશુભ ભાવો કેમ થાય? ઘડીકમાં દયાના ભાવ ઘડીકમાં હિંસાના ભાવ-એવા જુદાં જુદાં પ્રકારનાં કર્મોને કેમ કરે? સિદ્ધ ભગવંતો કૃતકૃત્ય છે પણ સંસારી જીવોને પર્યાયમાં અનાદિથી અશુદ્ધતા છે. સ્વભાવે શુદ્ધ અને પર્યાયમાં અશુદ્ધતા-એમ બન્ને પડખાને જાણવા જોઈએ. જીવ સર્વથા શુદ્ધ જ નથી. જો સર્વથા શુદ્ધ જ હોય તો મોક્ષનો ઉપાય કરવાનું રહેતું નથી. લોકની સ્થિતિ જ આવી છે કે જીવને કથંચિત્ શુદ્ધતા ને કથંચિત્ અશુદ્ધતા જ છે. આવા ભાન વિના લોક-અનુપ્રેક્ષા સાચી હોય નહિ. વસ્તુ કાયમ રહીને તેની અવસ્થા ક્ષણે ક્ષણે પલટે છે. તે અવસ્થામાં સંસાર ને મોક્ષ થાય છે. સંસારમાં બધા જીવો સરખા નથી. કોઈ સુખી છે, કોઈ દુઃખી છે. આવા વિવિધ પ્રકારના તફાવત અશુદ્ધતા વગર હોય શકે નહિ. માટે પર્યાયમાં અનાદિથી અશુદ્ધતા છે ને સ્વભાવે ત્રિકાળ શુદ્ધ છે, તે શુદ્ધ સ્વભાવની દૃષ્ટિ કરી તેમાં એકાગ્ર થતાં પર્યાયની અશુદ્ધતા ટળીને શુદ્ધતા થયા વિના રહે નહિ. [ ક્રમશઃ ]

卐

# 卐 'જ્ઞાયક છું'—એમ નિર્ણય કર 卐

કયાંય રોકાયા વિના 'જ્ઞાયક છું' એમ વારંવાર શ્રદ્ધા અને જ્ઞાનમાં નિર્ણય કરવાનો પ્રયત્ન કરવો. જ્ઞાયકનું લક્ષણ કર્યા કરવું. ૩૩૧.

['બહેનશ્રીનાં વચનામૃત' ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનમાંથી]

"કયાંય રોકાયા વિના 'જ્ઞાયક છું' એમ વારંવાર શ્રદ્ધા અને જ્ઞાનમાં નિર્ણય કરવાનો પ્રયત્ન કરવો."

હું જ્ઞાયક છું, હું જ્ઞાયક છું, હું સમસ્ત વિભાવો રહિત કેવળ જ્ઞાયક જ છું—એમ કયાંય—શુભાશુભ નિમિત્તમાં, શુભાશુભ રાગમાં, એક સમયની અધૂરી-પૂરી પર્યાયમાં કે ગુણ-ગુણીના ભેદમાં—રોકાયા વિના નિજ અસંગ, અરાગ, પરિપૂર્ણ, અભેદ શુદ્ધાત્મ-તત્ત્વનો વારંવાર શ્રદ્ધા અને જ્ઞાનમાં નિર્ણય કરવાનો ઉદ્યમ કર્યા કરવો. અહા! હું જ્ઞાયક છું, હું એક ત્રિકાળી જ્ઞાયક વસ્તુ છું, ધ્રુવ જ્ઞાયક, નિત્ય જ્ઞાયક, સદશરૂપે ત્રિકાળ અવસ્થાયી જ્ઞાયક તે હું છું—એમ અંતરમાં સ્વભાવનો, રુચિ અને જ્ઞાનમાં નિર્ણય કરવાનો સતત પ્રયત્ન કરવો. આવી વાત છે, એકદમ વસ્તુના ઘરની—આત્માના તળની!

સમયસારની 'આત્મખ્યાતિ' ટીકાના પરિશિષ્ટમાં ૪૭ શક્તિઓનું વર્ણન શ્રી અમૃતચંદ્રાચાર્યે કર્યું છે ને? એમાં એક કર્તૃત્વશક્તિ આવી છે ને? થવાપણારૂપ અને સિદ્ધરૂપ ભાવના ભાવકપણામયી કર્તૃશક્તિ છે. વિચાર તો એ આવ્યો હતો કે ૪૭ શક્તિઓમાં 'ભાવશક્તિ'—૩૩મી અને ૩૯મી એમ—બે વાર આવી છે; તેનું શું કારણ? ૩૩મી જે 'ભાવશક્તિ' છે તે તો ભાવ, અભાવ, ભાવાભાવ, અભાવભાવ, ભાવ-ભાવ અને અભાવાભાવ—એ છ શક્તિઓમાંની એક છે. તેનો અર્થ એ છે કે જેમાં અમુક અવસ્થા વિદ્યમાન હોય, કોઈ ને કોઈ સ્થિતિ જેમાં અવશ્ય હોય, એવાપણારૂપ જે શક્તિ તે 'ભાવશક્તિ' છે. અને જે ૩૯મી 'ભાવશક્તિ' છે તે તો 'ક્રિયાશક્તિ'ની સામેના અર્થમાં છે. કર્તા, કર્મ, કરણ આદિ કારકો અનુસાર પરિણમવાપણારૂપ જે ભાવ તે 'ક્રિયાશક્તિ' છે; તેની સામે, કારકો અનુસાર રચાયેલી તે જ પર્યાયને સન્માત્રપણે, હોવામાત્રપણે કે થવામાત્રપણે બતાવવા, કર્તા-કર્મ આદિ કારકો અનુસાર જે ક્રિયા તેનાથી રહિત ભવનમાત્રમયી, હોવામાત્રમયી, થવામાત્રમયી 'ભાવશક્તિ' કહી છે. આ રીતે એ બન્ને શક્તિઓનું નામ એક હોવા છતાં, તેમના અર્થમાં ફેર છે.

'હું વિભાવથી રહિત શુદ્ધ જ્ઞાયક છું' એવો સાનુભવ સાચો નિર્ણય સમ્યગ્દર્શન થતાં થાય છે. તે નિર્ણય કોની સામે જોઈને થાય?—કે ત્રિકાળી ધ્રુવ જ્ઞાયકસ્વભાવની સામે દૃષ્ટિ કરવાથી. પર્યાયમાં અનાદિથી જે પરલક્ષ છે ત્યાંથી દૃષ્ટિ–રુચિ ઉઠાવીને તેને સ્વભાવ બાજુ ઢાળવી–વાળવી; બસ એટલું જ કરવાનું છે. એનું નામ સમ્યગ્દર્શન, આત્મસાક્ષાત્કાર અને આત્માનુભવ છે. આત્મામાં કર્તાશક્તિ હોવાથી પોતે જ તે કાર્યમાં સ્વતંત્રપણે વ્યાપીને તે સમયે તેનો કર્તા છે, તેમાં કોઈ નિમિત્ત વિકલ્પ કે પૂર્વપર્યાયની મદદ નથી.

કર્તાશક્તિની અપેક્ષાએ દ્રવ્યમાં થતી નવી નવી પર્યાયો 'કાર્ય' છે અને તે જ પર્યાયો કર્તા આદિ કારકોની અપેક્ષા રહિત જોવામાં આવે તો તે જ પર્યાયો હોવા-પણારૂપ થવાપણારૂપ 'ભાવ' છે. 'ભાવશક્તિ' દ્રવ્યની છે. અને દ્રવ્ય તદ્-અભિન્ન અનંત ગુણાત્મક છે, તેથી બધા ગુણો પોતાના પરિણમનકાળે કારકોની અપેક્ષા રહિત 'ભાવ' માત્ર છે. તે દશારૂપે થવાપણારૂપ—પહોંચી વળવાપણારૂપ—હોવાપણારૂપ 'ભાવશક્તિ' અનંત ગુણાત્મક દ્રવ્યની પોતાની છે. એવા અભેદ દ્રવ્યસ્વભાવનું—નિજ શુદ્ધાત્મદ્રવ્યસામાન્યનું—દૃષ્ટિ—જ્ઞાનમાં આલંબન લેવાથી સમ્યગ્દર્શન વગેરેની યથાસંભવ નિર્મળ પર્યાય એકસાથે પ્રગટે છે. અહા! આવું વસ્તુસ્વરૂપ સમજે નહિ અને બહારની વાતોમાં—વ્યવહારની વાતોમાં—ઝઘડા, ઝઘડા ને ઝઘડા! અરે ભાઈ! આ તો ઝઘડા ટાળવાની રીત છે. અંતરમાંથી આવ્યું નથી અને બહારમાં સાચું સાંભળવાનું મળ્યું નથી, તેથી પોતાની મતિકલ્પનાના કારણે ઝઘડા ઊભા થયા. ભાઈ! અનુભવી ગુરુ પાસે સાંભળ્યા વિના કે અંતરના સાચા સંસ્કાર વિના આ વાત એની મેળે બેસે એવી નથી.

'હું જ્ઞાયક છું' એવો જે ધ્રુવ સ્વભાવના લક્ષે નિર્ણય થયો તે સમ્યગ્દર્શન છે. તે નિર્ણય થતાં જ્ઞાન પણ સાથે જ સમ્યક્ થયું અને તે જ કાળે ચારિત્ર પણ સ્વરૂપા-ચરણરૂપે—સ્થિરતાના અંશરૂપે—પરિણમ્યું. અનંત ગુણોના સમુદાયસ્વરૂપ આખું દ્રવ્ય ખરેખર 'ભાવક'—ભાવનો કરનાર—છે, અને ભાવક દ્રવ્ય પોતાના ગુણો દ્વારા જે ભાવરૂપ થાય છે, જે ભાવને પહોંચી વળે છે તે દશા તેનો 'ભાવ' છે. ભાવક અને ભાવ્ય બન્ને ખરેખર એક દ્રવ્યમાં જ હોય છે, ભિન્ન દ્રવ્યમાં નહિ. ભાવક એવા નિજ આત્મદ્રવ્ય તરફ નજર કરવાથી તેની પર્યાયોમાં યથાસંભવ નિર્મળ 'ભાવ' પ્રગટ થશે. જીવે તો માત્ર એક જ કરવાનું છે—પોતાના દ્રવ્યસ્વભાવને જોવાનું. સ્વભાવ તરફ જોતાં પર્યાયમાં નિર્મળતા આપોઆપ પ્રગટ થશે. અહા! વાત જરા ઝીણી છે ભાઈ! આ કાંઈ બહારની વિદ્વત્તા અને ભણતર હોય તો આવડે—એમ નથી. બેને કહ્યું છે ને?—'આવડતના માનથી દૂર રહેવું સારું છે. બહાર પડવાના પ્રસંગોથી દૂર ભાગવામાં લાભ છે. તે બધા પ્રસંગો નિઃસાર છે; સારભૂત એક આત્મસ્વભાવ છે.' માટે આવડતનું અભિમાન કરીશ નહિ બાપુ!

લંડનથી એક ભાઈનો પત્ર આવ્યો છે; અહીંનું સાહિત્ય વાંચીને તે બહુ રાજીપો બતાવે છે. એમ લાગે છે કે આ 'બેનનાં વચનામૃત' તેને મળ્યાં નથી, નહીંતર તો તે બહુ રાજી થાત. વાંચીને પ્રમોદ આવ્યા વિના રહે નહિ એવી આ ચીજ છે.

અહીં તો કહે છે કે ક્યાંય રોકાયા વિના 'હું માત્ર જ્ઞાયક જ છું, શુભાશુભ વિભાવભાવ લેશમાત્ર મારા નથી' એમ વારંવાર રુચિ અને જ્ઞાનમાં નિર્ણય કરવાનો ઉદ્યમ કરવો. પૂર્ણાનંદ ધ્રુવ જ્ઞાયકસ્વભાવમાં નજર કર તો, તે ધ્રૌવ્યમાં અંદર કર્તૃત્વશક્તિ, કર્મત્વશક્તિ અને ભાવકત્વશક્તિ વગેરે અનંત શક્તિઓ છે તેથી પર્યાયમાં વ્યાપી—ભાવક થઈને, નિર્મળતાનું કાર્ય અવશ્ય થશે. આ વાત સમજે નહિ એટલે માણસો તકરાર કરે કે—'જ્ઞાનમાં નિર્મળતા કે ઘટવધ થાય છે તે કર્મના કારણે થાય છે'; પણ વસ્તુસ્વરૂપ એમ નથી સ્વતંત્ર વસ્તુસ્થિતિ તો આવી છે બાપુ! આ વાતથી તને દુઃખ લાગે, માનેલાંમાં ધક્કા લાગે તો પ્રભુ! માફ કરજે, પણ સાચો માર્ગ તો આ જ છે. સમજાણું કાંઈ?

અહા! જિનવાણી કોઈ અલૌકિક છે. દિગંબર જૈનામ્નાયમાં જે યથાર્થ વસ્તુસ્થિતિ કહી છે તે આ છે; બીજે જિનવાણી છે નહિ. ભગવાન આત્મા કે જે સ્વભાવે કેવળ જ્ઞાયક છે તે સહજ જ્ઞાન ને સહજ આનંદ આદિ અનંત શક્તિઓનું સંગ્રહાલય અનંત ગુણોનું ગોદામ, અનંત સામર્થ્યનો સાગર છે, એનો અંતર્મુખ થઈને વારંવાર શ્રદ્ધા અને જ્ઞાનમાં નિર્ણય કરવાનો પ્રયત્ન કરવો. એ એક જ કરવા જેવું છે. છ ઢાળામાં કહ્યું છે ને—

'લાખ બાતકી બાત યહૈ, નિશ્ચય ઉર લાઓ,
તોરિ સકલ જગ દંદ-ફંદ, નિત આતમ ધ્યાઓ.'

લાખ વાતની એક વાત કે આત્માનો સાચો નિર્ણય કરવા માટે તારે અંદર જ્ઞાયકમાં જવું પડશે. અહા! જુઓ તો દિગંબર જિનવાણી! ગમે તે બાજુથી જુઓ, ચારેકોરથી અવિરુદ્ધ. કર્તા, કર્મ, ક્રિયા વગેરે બધી શક્તિઓ અંદર દ્રવ્યમાં છે. તેનું અંતરમાં લક્ષ થતાં પર્યાયમાં નિર્મળ કાર્ય થાય છે. ભાઈ! આ સમજવા માટે અંદર ઘણું ધીરું થવું પડશે. એમ ને એમ પુસ્તકો વાંચી જાય, ભણી જાય, માટે 'જ્ઞાન' થઈ ગયું—એમ નથી. અંદર જ્ઞાયકનો યથાર્થ નિર્ણય થતાં સાથે અંશે અતીન્દ્રિય આનંદ આવે તે જ 'જ્ઞાન' ને સમ્યગ્દર્શન છે.

અનંત ગુણના ધરનાર એવા નિજ જ્ઞાયકદ્રવ્યની અંતરમાં જ્યાં દૃષ્ટિ થઈ ત્યાં પર્યાયમાં સમ્યગ્દર્શનનું કાર્ય થયું. જ્ઞાયકદ્રવ્યમાં કર્તા, કર્મ, ભાવક વગેરે શક્તિઓ છે તેથી તે વ્યાપીને નિર્મળ શ્રદ્ધાપર્યાયનો ભાવક થયો. સમ્યગ્દર્શન પર્યાયની માફક બીજા બધા ગુણોની નિર્મળ પર્યાયના વિષયમાં સમજી લેવું. આમાં કોઈ ઝાઝાં જાણપણાંની જરૂર નથી; જરૂર છે માત્ર વસ્તુસ્વભાવ તરફ દૃષ્ટિ કરવાની. અહા! આવી વાતો છે; ભાઈ! આવા સત્નો વિરોધ ન હોય. દ્રવ્યના સ્વભાવની—અંતરની તાકાતની—તને ખબર નથી

તેથી તેં તારા દ્રવ્યની શક્તિનો વિરોધ કર્યો છે. માટે હવે બીજે ક્યાંય રોકાયા વિના 'હું કેવળ જ્ઞાયક છું' એમ વારંવાર શ્રદ્ધા અને જ્ઞાનમાં નિર્ણય કરવાનો પ્રયત્ન કરજે.

**'જ્ઞાયકનું લઢણ કર્યા કરવું'**

'જ્ઞાયક' એટલે જ્ઞાન, આનંદ, વીર્ય, કર્તા, કર્મ, કરણ, આધાર આદિ અનંત ચૈતન્યશક્તિઓના અભેદ પિંડસ્વરૂપ નિજ આત્મવસ્તુ; તેને બરાબર સમજીને, અંતરમાં મહિમા લાવીને તેનું વારંવાર લઢણ કર્યા કરવું. એનું લઢણ કર તો તારી પર્યાયમાં બધું કાર્ય નિર્મળ થશે—સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સ્વરૂપાચરણચારિત્ર, અતીન્દ્રિય આનંદ વગેરે યથાસંભવ નિર્મળ પ્રગટશે. દ્રવ્યમાં કર્તા, કર્મ, કરણ, અધિકરણ વગેરે શક્તિઓ છે તેથી દ્રવ્યસ્વભાવનો—જ્ઞાયકનો—આશ્રય લેવાથી તેના આધારે નિર્મળ કાર્ય અવશ્ય થશે.

આ વાત ઝીણી પડે એટલે લોકો વિરોધ કરે છે. તેઓ કહે છે કે—કાર્ય ઉપાદાન અને નિમિત્ત એ બન્ને કારણોથી થાય, એકલા ઉપાદાનથી નહિ; કાર્ય થવામાં નિમિત્તનો પણ થોડો હિસ્સો છે. ભાઈ! 'બે કારણથી કાર્ય થાય' એ તો કાર્યોત્પત્તિનું પ્રમાણ-અપેક્ષાએ જ્ઞાન કરાવ્યું છે. કાર્ય થતી વખતે ઉપાદાન—વસ્તુની નિજ શક્તિ—પોતે જ કાર્યરૂપે પરિણમે છે, નિમિત્ત નહિ. નિમિત્ત અનુકૂળ હોવા છતાં કાર્યમાં તે અકિંચિત્કર છે. અહીં તો શ્રદ્ધા, જ્ઞાન, શાન્તિ વગેરે નિર્મળ પર્યાયોની વાત છે. તે નિર્મળ પર્યાયો ક્યારે થાય?—કે જ્ઞાયકરૂપી ધ્રુવ ધ્યેયમાં લક્ષ જાય ત્યારે.

આ બધું યાદ રાખવું મુશ્કેલ પડે એવું છે. કેટલું યાદ રાખવું? ભાઈ! આ કાંઈ ગોખી જવાની વાત નથી, પણ તારા જ્ઞાયકદ્રવ્યની તાકાત એટલી બધી છે કે એનું લક્ષ કરતાં બધી શક્તિઓ પર્યાયમાં યથાસંભવ નિર્મળપણે પરિણમે. દ્રવ્ય મલિનપણે પરિણમે એવો કોઈ ગુણ તારામાં છે નહિ, માત્ર નિમિત્તને વશ થઈને પર્યાયમાં તેં ક્ષણિક મલિનતા ઊભી કરી છે. પર્યાયમાં ક્ષણિક મલિનતા હોવા છતાં અંદર જે ત્રિકાળી નિર્મળ શક્તિઓનો ધરનાર નિજ જ્ઞાયકદેવ સદાય વિદ્યમાન છે તેને અંતર્મુખ થઈને જોતાં પર્યાયમાં વિકાર કરવાનો અભાવ થઈને નિર્મળતા પ્રગટે છે.

પ્રશ્ન:— 'કર્મથી વિકાર થાય' એમ કરણાનુયોગનાં શાસ્ત્રોમાં આવે છે ને?

ઉત્તર:— ભાઈ! વિકાર કરવાનો આત્માનો સ્વભાવ નથી, સ્વભાવ હોય તો તે કદી ટળે નહિ—એ બતાવવા કરણાનુયોગમાં વ્યવહારથી—નિમિત્તની પ્રધાનતાથી—કથન છે. કાર્ય કાંઈ નિમિત્તની પ્રધાનતાથી થતું નથી. તે વખતે પણ પોતાનું અશુદ્ધ ઉપાદાન જ પ્રધાન છે. કરણાનુયોગ હો કે ચરણાનુયોગ હો—બધાનો સાર એક માત્ર વીતરાગતા છે. વિકારી કે અવિકારી—બધી પર્યાયોમાં આત્મા પોતાનાં ષટ્કારકોથી સ્વતંત્રપણે કાર્ય કરે છે. અહા! આવો મારગ છે ભાઈ! તે સાંભળવાનાં આવાં ટાણાં ક્યારે આવશે? અરેરે! સર્વજ્ઞ પ્રભુના વિરહ પડયા અને ઝઘડા ઊભા થયા.

અહીં કહે છે કે—જ્ઞાયકનું લઢણ કર. તેનો અર્થ એ છે કે—અંતર્મુખ થઈને વારંવાર જ્ઞાયકસ્વભાવ, જ્ઞાયકસ્વભાવ, જ્ઞાયકસ્વભાવ, ચૈતન્યપ્રકાશના—નૂરના—તેજના પૂર એવા નિજ જ્ઞાયકસ્વભાવનું ઘોલન-ઘૂંટણ કર્યા કરવું, જેથી સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન ને સમ્યક્ચારિત્રની નિર્મળ પર્યાયો પ્રગટ થશે. શુભભાવ કરતાં કરતાં થશે એમ નહિ, પણ અંતર જ્ઞાયકસ્વભાવનો આશ્રય કરવાથી—અંતરમાં જવાથી—નિર્મળતા પ્રગટ થશે. બસ! એના માટે જ્ઞાયકનો વિચાર, જ્ઞાયકનો નિર્ણય. અંદર વિચારને દીર્ઘ લંબાવ, અને અંતરમાં જા, તારું કાર્ય નિર્મળ થઈ જશે.

—*—

## વૈરાગ્ય સમાચાર :—

* મુંબઈ નિવાસી શ્રી ચંપાબેન શીવલાલ પોપટલાલ ગોસલીયા ( શ્રી પ્રેમચંદ લક્ષ્મીચંદ-વીંછીઆના દીકરી ) તા. ૨૩-૧-૮૭ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* જોરાવરનગર નિવાસી શ્રી ચંપાબેન કસ્તુરચંદભાઈ દોઢીવાળા ( વર્ષ-૮૫ ) તા. ૪-૨-૮૭ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. કૃપાળુ પૂજ્ય ગુરુદેવશ્રીએ પરિવર્તન કર્યું ત્યારથી જ તેઓ પૂજ્ય ગુરુદેવશ્રીના ઘણા પરિચયમાં આવ્યા હતા અને પરિવર્તન-બંગલાની બાજુમાં જ તેઓ રહેતા હોવાથી તે વખતે પ્રવચન, આહારદાન આદિ પૂજ્ય ગુરુદેવશ્રીનો ઘણો લાભ લીધો હતો.

* ભાવનગર નિવાસી, શ્રી દિ. જૈન સ્વા.મંદિર ટ્રસ્ટના ટ્રસ્ટી શ્રી હીરાલાલજી કાલાના સુપુત્ર શ્રી મનીષકુમાર ( વર્ષ-૧૬ ) તા. ૨૨-૨-૮૭ ના રોજ બ્લડકેન્સરની બિમારીથી સ્વર્ગવાસ પામ્યા છે.

* સુરત નિવાસી શ્રી મનુબેન ભુરાલાલ કામદાર ( શ્રી મનહરભાઈના બહેન ) ( વર્ષ-૬૪ ) તા. ૨૭-૨-૮૭ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

—સ્વર્ગસ્થ આત્માઓએ વારંવાર સોનગઢ આવીને પરમ કૃપાળુ પૂજ્ય ગુરુદેવશ્રીની ભવનાશક અધ્યાત્મ-અમૃતવાણીનો ઘણો લાભ લીધો હોવાથી દેવ-ગુરુનું સ્મરણ, જ્ઞાયકનું રટણ ને આત્મચિંતન કરતાં કરતાં શાંતિથી દેહ છોડયો હતો. તેઓ વીતરાગ દેવ-ગુરુ-ધર્મના ઉપાસક, તત્ત્વજિજ્ઞાસુ હતા. પરમ કૃપાળુ પૂજ્ય ગુરુદેવશ્રીના શરણમાં પ્રાપ્ત કરેલાં આત્મસંસ્કારો વૃદ્ધિ પામીને વીતરાગ દેવ-ગુરુ-ધર્મના શરણમાં શીઘ્ર આત્મોન્નતિ પામો એ જ ભાવના.

—*—

## 卐 જ્ઞાનીની અદ્‌ભુત દશા 卐

જ્ઞાનીને 'હું જ્ઞાયક છું' એવી ધારાવાહી પરિણતિ અખંડિત રહે છે. તે બહારના ભક્તિ-શાસ્ત્રસ્વાધ્યાય આદિ પ્રસંગોમાં ઉલ્લાસપૂર્વક જોડાતા દેખાય ત્યારે પણ તેમની જ્ઞાયકધારા તો અખંડિતપણે અંદર જુદી જ કાર્ય કર્યા કરે છે. ૨૯૪.

[ બહેનશ્રીનાં વચનામૃત, બોલ-૨૯૪ ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન ]

**"જ્ઞાનીને 'હું જ્ઞાયક છું' એવી ધારાવાહી પરિણતિ અખંડિત રહે છે."**

જેને સ્વપરના યથાર્થ ભેદવિજ્ઞાનપૂર્વક પોતાના આત્માનો અનુભવ પ્રગટ થયો છે એવા જ્ઞાની ધર્માત્માને 'હું કેવળ જાણનાર, જાણનાર, જાણનાર છું' એવી ધારાવાહી પરિણતિ—જ્ઞાયકસ્વભાવી ભગવાન આત્માની જે સન્મુખતા થઈ તે દશા—કાયમ અખંડિત રહે છે. અસ્થિરતાને લીધે ભલે રાગ હોય પણ તેને તેનાથી ભિન્નતા કરવી પડતી નથી, ભિન્નતા સહજપણે વર્તી જ રહી છે. દરેક વખતે ભિન્નતાના વિચારો કરી કરીને ભિન્નતા ટકાવી રાખવી પડતી નથી, પણ 'હું રાગથી ભિન્ન કેવળ જ્ઞાયક જ છું' એમ સ્વભાવના આલંબનના બળે પહેલાં જે ભિન્નતા કરી છે તે ભિન્નતાની—જ્ઞાનપરિણતિની—ધારા અખંડિતપણે વર્ત્યા જ કરે છે.

**'તે બહારના ભક્તિ-શાસ્ત્રસ્વાધ્યાય આદિ પ્રસંગોમાં ઉલ્લાસપૂર્વક જોડાતા દેખાય ત્યારે પણ તેમની જ્ઞાયકધારા તો અખંડિતપણે અંદર જુદી જ કાર્ય કર્યા કરે છે.'**

સમ્યગ્દષ્ટિ જ્ઞાની ભક્તિ, શાસ્ત્રાભ્યાસ, પ્રવચનશ્રવણ વગેરે શુભ રાગમાં ઉમંગથી જોડાતા દેખાય, ત્યારે પણ તેમની 'હું કેવળ જ્ઞાયક છું' એવી જ્ઞાનધારા તો અતૂટપણે અંદર ચાલ્યા જ કરે છે, તે જ્ઞાનધારા કદી રાગ સાથે એકમેક થતી નથી. સમયસારના ૧૧૦ મા કળશમાં કહ્યું છે: સમ્યગ્દષ્ટિ જીવને શુદ્ધ જ્ઞાન પણ છે અને ક્રિયારૂપ પરિણામ પણ છે—નીચલી દશામાં જ્ઞાનધારા ને કર્મધારા બન્ને સાથે છે. ત્યાં જ્ઞાનધારા શુભસ્વરૂપન અનુભવપણે છે, તેનાથી તે જ કાળે કર્મક્ષય થાય છે—એક અંશમાત્ર પણ બંધ થતો નથી અને સાથે ભક્તિ, શાસ્ત્રવાંચન કે વ્રતાદિ ક્રિયારૂપ જે કર્મધારા છે તેનાથી તે જ કાળે એટલો બંધ થાય છે, કર્મનો ક્ષય એક અંશમાત્ર પણ થતો નથી. સાધકદશાનું સ્વરૂપ જ આવું છે. શાસ્ત્રશ્રવણ વગેરેના શુભરાગ વખતે પણ જ્ઞાનીને અંતરમાં જ્ઞાયકધારા તો સતત જુદી જ કામ કરી રહી હોય છે. શુભ પ્રત્યે હોંશથી જોડાતા દેખાય, છતાં અંદરમાં 'હું રાગથી ભિન્ન જ્ઞાયક જ છું' એવી પરિણમનધારા કાયમ ચાલતી જ રહે છે.

* * *

## સુવર્ણપુરી સમાચાર :—

* પરમ પૂજ્ય ગુરુદેવશ્રીની સાધનાભૂમિ અધ્યાત્મતીર્થ સુવર્ણપુરીમાં, પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનની મંગલ છત્રછાયામાં, રાબેતા મુજબ નિયમિત ધાર્મિક કાર્યક્રમો ચાલી રહ્યા છે. સવારે જિનેન્દ્રપૂજા, પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું શ્રી પ્રવચનસાર શાસ્ત્ર ઉપર અધ્યાત્મરહસ્યપ્રકાશક ટેપ-પ્રવચન, શ્રી મોક્ષમાર્ગપ્રકાશક પર ધાર્મિક શિક્ષણવર્ગ, બપોરે બ્ર. શ્રી ચંદુભાઈનું શ્રી કળશટીકા ઉપર શાસ્ત્ર વાંચન, જિનેન્દ્રભક્તિ તથા સાંજે પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું શ્રી પરમાત્મપ્રકાશ ઉપર ભાવવાહીશૈલીયુક્ત આધ્યાત્મિક ટેપ-પ્રવચન—એ રીતે નિયમિત કાર્યક્રમ ચાલી રહ્યા છે.

* પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબહેન શુદ્ધાત્મસાધના સહિત કુશળતાપૂર્વક બિરાજી રહ્યા છે, શારીરિક સ્વાસ્થ્ય યથાવત્ ઠીક છે. તેમના પાવન દર્શન તેમ જ તેઓની અધ્યાત્મરસભરી નિશ્ચયવ્યવહારની સંધિયુક્ત ગુરુભક્તિલીની સ્વાનુભવરસ ઝરતી અમૃત-વાણીનો અનુપમ લાભ મહેમાનોને તેમજ મુમુક્ષુ સમાજને યથાસમય મળતો રહે છે.

* શ્રી સીમંધરસ્વામી દિ. જિનમંદિરની પ્રતિષ્ઠાનો ૪૭ મો વાર્ષિક અષ્ટાહ્નિક-મહોત્સવ, શ્રી પંચમેરુ-નંદીશ્વર જિનાલયની પ્રતિષ્ઠાનો દ્વિતીય પંચાહ્નિક વાર્ષિક મહોત્સવ, શ્રી મહાવીર પરમાગમ મંદિરની પ્રતિષ્ઠાનો ૧૪ મો વાર્ષિક મહોત્સવ તેમ જ ફાગણ માસનો નંદીશ્વર અષ્ટાહ્નિકાપર્વ, સ્વાનુભવરત્ન પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનની દેવગુરુભક્તિરસ સભર મંગલ છત્રછાયામાં અત્યંત આનંદોલ્લાસ પૂર્વક ઉજવવામાં આવ્યો હતો. આદરણીય પંડિત પ્રવર શ્રી હિંમતભાઈ જે. શાહ દ્વારા ભક્તિ-વૈરાગ્યભીની મધુરી શૈલીથી કરાવવવામાં આવેલ મંડલવિધાનપૂજા તેમ જ જિનેન્દ્રભક્તિ આદિ વિશેષ કાર્યક્રમપૂર્વક ઉજવવામાં આવેલ આ મહોત્સવનો લાભ, સ્થાનિક મુમુક્ષુઓ ઉપરાંત મુંબઈ આદિ અનેક સ્થળેથી આવેલ મહેમાનોએ લીધો હતો. આ પ્રસંગે મુમુક્ષુઓ તરફથી 'પ્રભાવના' રાખવામાં આવતી હતી.

* શ્રી સીમંધરસ્વામી દિ. જિનમંદિરના ૪૭માં અષ્ટાહ્નિક વાર્ષિકોત્સવમાં કાયમી મંડલવિધાન પૂજા :—

(૧) પ્રશમમૂર્તિ ભગવતી માતા પૂજ્ય બહેનશ્રી ચંપાબહેન તથા, કેટલાક બ્ર.બહેનો

(૨) નાનાલાલભાઈ કાળીદાસ જસાણી, શ્રી જડાવબેન નાનાલાલભાઈ જસાણી અને પરિવાર (મુંબઈ) તરફથી; તેમજ પ્રાસંગિક વિધાન પૂજા શ્રી ઇલાબેન અનિલકુમાર ઉદાણી તરફથી રાખવામાં આવી હતી.

* શ્રી નંદીશ્વર જિનાલયના દ્વિતીય પંચાહ્નિક વાર્ષિકોત્સવમાં પંચકલ્યાણક-વિધાન-પૂજા (કાયમી મંડળ વિધાનપૂજા) :—

(૧) પ્રશમમૂર્તિ ભગવતી માતા પૂજ્ય બહેનશ્રી ચંપાબેન તેમજ કેટલાક બ્ર.બહેનો
(૨) શ્રી નાનાલાલભાઈ કાળીદાસ જસાણી, શ્રી જડાવબેન નાનાલાલભાઈ જસાણી અને પરિવાર (મુંબઈ) તરફથી રાખવામાં આવી હતી.

* ફાગણ માસની નંદીશ્વર અષ્ટાન્હિકામાં કાયમી મંડળ વિધાનપૂજા :—

(૧) શ્રી પન્નાદેવી માંગીલાલજી જૈન આગરા,
(૨) શ્રી નાનાલાલભાઈ કાળીદાસ જસાણી, શ્રી જડાવબેન નાનાલાલભાઈ જસાણી તથા ડૉ. કાંતિભાઈ શેઠનો પરિવાર (મુંબઈ),
(૩) શ્રી નિર્મળાબેન કંવરચંદજી જૈન સનાવદ તરફથી; તેમજ પ્રાસંગિક વિધાનપૂજા (૧) શ્રી વસંતભાઈ કસ્તુરચંદ તળાટી (મુંબઈ), (૨) શ્રી કાનજીભાઈ લલ્લુભાઈ શાહના પરિવાર (હસ્તે શ્રી નીલાબેન કાનજીભાઈ) તરફથી રાખવામાં આવી હતી.

* ચૈત્ર સુદ ૧૦, બુધવાર તા. ૮–૪–૮૭ ના રોજ શ્રી માનસ્તંભની ૩૫ મી વાર્ષિક પ્રતિષ્ઠાતિથિ તેમજ ચૈત્ર સુદ ૧૩, રવિવાર, તા. ૧૨–૪–૮૭ ના રોજ ભગવાન શ્રી મહાવીર સ્વામીનો જન્મકલ્યાણક—મહાવીરજયંતી અને પરમ કૃપાળુ ગુરુદેવશ્રીના પરિવર્તનનો ૫૩ મો વાર્ષિક દિન પૂજા-ભક્તિના વિશેષ કાર્યક્રમપૂર્વક ઉજવવામાં આવશે.

* વિદ્યાર્થીઓ માટેનો શિક્ષણવર્ગ તા. ૨૨–૪–૮૭ થી તા. ૬–૫–૮૭ સુધી રાખવામાં આવશે. વિદ્યાર્થીઓ માટે રહેવા તથા જમવાની વ્યવસ્થા નિઃશુલ્ક રહેશે.

## * ઘાટકોપર (મુંબઈ)માં સાનંદ સમ્પન્ન વેદીપ્રતિષ્ઠોત્સવ *

પરમોપકારી પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના પુનીત પ્રતાપે તેમ જ પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનના મંગળ આશીર્વાદથી ઘાટકોપર શ્રી નેમિનાથ દિ. જિન-મંદિરમાં બિરાજમાન થનારા ભગવાન શ્રી આદિનાથ તેમ જ શ્રી બાહુબલિની, સોનગઢમાં પંચમેરુ-નંદીશ્વર જિનાલય પંચકલ્યાણક પ્રતિષ્ઠા પ્રસંગે શુદ્ધામ્નાય અનુસાર સુપ્રતિષ્ઠિત, વીતરાગતાવાહી ખડ્ગાસન જિનબિંબની વેદીપ્રતિષ્ઠા, તા. ૨૮–૨–૮૭ થી તા. ૨–૩–૮૭ ત્રણ દિવસના મહોત્સવપૂર્વક, અતિ આનંદોલ્લાસપૂર્વક સમ્પન્ન થઈ. સુશોભીત પ્રતિષ્ઠા-મંડપની વિશાળતા, શુદ્ધામ્નાય અનુસાર કરવામાં આવેલ વિધિવિધાનની રોચકતા, સમાગત અધ્યાત્મતત્ત્વપ્રેમી વિદ્વાનોના દેવ-ગુરુભક્તિભીના અધ્યાત્મ-પ્રવચન, રાત્રિ-સભા તેમજ જામનગર મુમુક્ષુ બાલિકાઓ દ્વારા પ્રસ્તુત સાંસ્કૃતિક કાર્યક્રમમાં ઉપસ્થિત બૃહદ્ મુંબઈના તેમ જ બહાર ગામથી આવેલા ૨૫૦૦ મહેમાનો સહિત લગભગ ૫૦૦૦ નો માનવસમુદાય આદિ અનેક વિવિધતાથી પંચકલ્યાણક પ્રતિષ્ઠા-મહોત્સવ જેવું વાતાવરણ લાગતું હતું. બધાને એમ થતું હતું કે જાણે પૂજ્ય ગુરુદેવશ્રી સ્વર્ગેથી અહીં પધાર્યા હોય—એવો આનંદદાયી ભવ્ય મહોત્સવ ઉજવાયો હતો! આ મહોત્સવ પ્રસંગે વિવિધ બોલી દ્વારા સવા ચાર લાખ રૂપિયાની જિનમંદિરને આવક થઈ હતી. આ ભવ્ય મહોત્સવની સફળતાનો આધાર પૂજ્ય ગુરુદેવશ્રીનો પુનીત પ્રભાવ અને પૂજ્ય બહેનશ્રીના મંગલ આશીર્વાદ જ છે. ❀

## 卐 ૯૮ મી કહાનગુરુ–જન્મજયંતી 卐

આપણા પરમ તારણહાર કૃપાસાગર પૂજ્ય કહાનગુરુની ૯૮ મી મંગલ જન્મ-જયંતી સુવર્ણપુરીમાં તા. ૨૫-૪-૮૭ થી તા. ૨૯-૪-૮૭ (વૈશાખ સુદ બીજ)—પાંચ દિવસ સુધી શ્રી ઘાટકોપર દિ. જૈન મુમુક્ષુમંડળ તરફથી અતિ આનંદોલ્લાસ પૂર્વક ઉજવવામાં આવશે. સર્વે મુમુક્ષુભાઈ–બહેનોને આ શુભ અવસરે સોનગઢ પધારવા માટે શ્રી ઘાટકોપર દિ. જૈન મુમુક્ષુમંડળ તેમજ શ્રી દિ. જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ (સોનગઢ) તરફથી અતિ-આગ્રહ ભર્યું વાત્સલ્યપૂર્ણ નિમંત્રણ છે.

સુવર્ણપુરીમાં પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનનો ૫૫ મો

## 卐 સમ્યક્ત્વજયંતી–મહોત્સવ 卐

[તા. ૨૦-૩-૮૭ થી તા. ૨૪-૩-૮૭]

અત્યંત પ્રસન્નતા સહ જણાવવાનું કે—આ યુગના સમ્યક્ત્વ-તીર્થપ્રણેતા, સ્વાનુભૂતિપ્રધાન અધ્યાત્મમાર્ગપ્રકાશક આપણા તારણહાર પરમ પૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામીના પરમભક્ત સ્વાનુભવવિભૂષિત, સુવર્ણપુરી–અધ્યાત્મ-તીર્થભૂષણ, આત્માનુભૂતિજનક દેશનાલબ્ધિના અનન્યાધાર પ્રશમમૂર્તિ ભગવતીમાતા પૂજ્ય બહેનશ્રી ચંપાબેનની ૫૫ મી સમ્યક્ત્વજયંતી (ફાગણ વદ દશમ) ના ઉપલક્ષમાં તા. ૨૦–૩–૮૭ થી તા. ૨૪–૩–૮૭—પાંચ દિવસનો 'સમ્યક્ત્વ-જયંતી–મહોત્સવ' સોનગઢમાં શ્રી વાંકાનેર દિ. જૈન સંઘ તરફથી ઉજવવામાં આવશે. આ પવિત્ર ઉત્સવ 'શ્રી ચોંસઠઋદ્ધિ મંડળવિધાન પૂજા', પૂજ્ય ગુરુદેવના સમ્યક્ત્વપ્રેરક વિશિષ્ટ ટેપ–પ્રવચનો, પૂજ્ય બહેનશ્રીની અધ્યાત્મરસભરી અનુપમ વિડિયો–તત્ત્વચર્ચા, અધ્યાત્મ-રુચિવંત આદરણીય પંડિત શ્રી હિંમતભાઈ જે. શાહ દ્વારા વૈરાગ્ય તેમજ ભક્તિરસસભર મધુર કંઠે થનારી જિનેન્દ્રપૂજાભક્તિ, સમાગત વિદ્વાનોના શાસ્ત્રપ્રવચન, ધાર્મિક શિક્ષણવર્ગ આદિ અનેકવિધ રોચક કાર્યક્રમ દ્વારા ઉજવવામાં આવશે. મહેમાનો માટે રહેવા તેમજ જમવાની વ્યવસ્થા નિઃશુલ્ક રાખવામાં આવી છે.

* જિનેન્દ્ર ભગવાનનાં ચરણકમળનું અવલોકન કરતી એવી સમ્યગ્દર્શનરૂપી લક્ષ્મી, સુખની ઉત્પત્તિના સ્થાનરૂપ હોતી થકી મને એવી રીતે સુખી કરો કે જેવી રીતે કામિની કામી પુરુષને સુખી કરે છે, તથા જેમ પવિત્ર શીલવાળી માતા પોતાના પુત્રને પાળે છે તેમ મારું પાલન કરો તથા શીલ આદિ ગુણો જ જેનું આભૂષણ છે તેવી કન્યા પોતાના કુળને પવિત્ર કરે છે તેમ મને પવિત્ર કરો, ઉજ્વળ કરો.

( શ્રી સમંતભદ્ર આચાર્ય, રત્નકરંડ શ્રાવકાચાર, ગાથા–૧૫૦ )

* જે ઇંદ્રિયોના વિષયોથી તથા ત્રસ–સ્થાવર જીવોની હિંસાથી વિરક્ત નથી પરંતુ જિનેન્દ્રદેવ દ્વારા કથિત પ્રવચનનું શ્રદ્ધાન કરે છે તે અવિરત સમ્યગ્દૃષ્ટિ છે.

( આચાર્ય નેમિચંદ્ર સિદ્ધાંતી દેવ, ગોમ્મટસાર, જીવકાંડ, ગાથા–૨૯ )

* મંદકષાયરૂપ ઉપશમભાવ, શાસ્ત્રાભ્યાસરૂપ જ્ઞાન, પાપના ત્યાગરૂપ ચારિત્ર અને અનશનાદિરૂપ તપ–તેનું જે મહત્ત્વ છે તે સમ્યક્ત્વ સહિતપણાને લઈને છે. સમ્યક્ત્વ વિના એ બધું પથ્થરની માફક ભારરૂપ છે. એ જ ઉપશમ આદિ ભાવો સમ્યક્ત્વ સહિત હોય તો મહામણિ સમાન પૂજનીક થઈ પડે.

( શ્રી ગુણભદ્ર આચાર્ય, આત્માનુશાસન, ગાથા–૧૫ )

* પ્રશમમૂર્તિ ધર્મરત્ન પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનને હીરાથી વધાવવાનો અમૂલ્ય લાભ પ્રાપ્ત થવાની ખુશાલીમાં—

રૂા. ૫૦૦૭–૦૦ શ્રી પુષ્પાબેન મનસુખલાલ દોશી, મુંબઈ તથા

રૂા. ૫૦૦૮–૦૦ શ્રી વિનોદભાઈ શાહ તથા મીનાબેન શાહ, જમશેદપુર

—તરફથી શ્રી નંદીશ્વર જિનાલય, જ્ઞાનપ્રચાર આદિ વિવિધ ખાતે જાહેર કરવામાં આવેલ છે.

—o—

# 卐 આપણને તો ભાવિ-ભગવાન મળી ગયા 卐

જગતમાં તીર્થંકર ભગવાન સર્વોત્તમ વિભૂતિ છે. આપણને તો આ ભવિષ્યના તીર્થંકરભગવાન મળી ગયા; વર્તમાન ભગવાનની જેમ જ તેમની વાણીના શ્રમણનું સૌભાગ્ય મળ્યું. ગુરુદેવે વર્ષો સુધી વાણી વરસાવી. આ ભરતક્ષેત્રમાં દિવ્યધ્વનિની જેમ જ ગુરુદેવની ધ્વનિ ગાજતી હતી. તેના શ્રમણ જેવું બીજું સૌભાગ્ય કયું? ગુરુદેવે બધાને દ્રવ્યદૃષ્ટિનો અર્થાત્ શુદ્ધાત્મદ્રવ્ય તરફ ઝૂકવાનો ઉપદેશ આપ્યો. તું પણ આ તરફ ઝૂકી જા; નિધાન તારી પાસે જ છે, ક્યાંય ગોતવા જવું પડે એમ નથી.

—પૂજ્ય બહેનશ્રી

—o—

Licence No. 3 'Licensed to post without prepayment'

If undelivered please return to :-
Shri Dig. Jain Swadhyay Mandir Trust
SONGADH-364 250 (INDIA)

સંપાદક : નાગરદાસ બી. મોદી
તંત્રી : હીરાલાલ ભીખાલાલ શાહ
પ્રકાશક : શ્રી દિ. જૈન સ્વા. મંદિર ટ્રસ્ટ
સોનગઢ–૩૬૪ ૨૫૦
મુદ્રક : કહાન મુદ્રણાલય,
જૈન વિદ્યાર્થી ગૃહ, સોનગઢ
આજીવન સભ્યફી : ૧૦૧/-
વાર્ષિક લવાજમ રૂ. ૯/- પ્રત : ૩૩૫૦

356 A Kantaben M. Ajmera
Modi No 2
Sita Burdy
NAGPUR 440012